॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

ફેબ્રુઆરી ૨૦૧૫

રૂા. ૫/૦૦

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયનો (૫૦) ગોલ્ડન જ્યુબીલી મહોત્સવ ઉજવાયો








































(૧-૨) નાઈરોબી લંગાટામાં નૂતન મંદિરનું નિરીક્ષણ કરવા પધારેલા મહંત સ્વામી આદિ સંતો. (૩) દારેસલામ ટાન્ઝાનીયામાં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે અભિષેક કરતા સંતો. (૪) યુ.કે. વિલ્સડન મંદિરમાં શિક્ષાપત્રીનું પૂજન કરાવતા સંતો. (૫-૯) શ્રી ક. સ. સ્વા. મંદિર હેરોમાં વાર્ષિક પાટોત્સવ નિમિત્તે અભિષેક તથા અન્નકૂટ દર્શન. (૧૦) મોમ્બાસામાં વસંત પચંમીના શિક્ષાપત્રીનું પૂજન કરાવતા સંતો.

# તંત્રીની કલમે

દિશા ભુલીને અધોગતિના માર્ગે પૂરપાટ પ્રગતિ કરતા માનવી માટે ઋષિઓએ લખેલા રામાયણ, મહાભારત, મનુસ્મૃતિ, યાજ્ઞવલ્કય સ્મૃતિ જેવા ભારતીય પૌરાણિક શાસ્ત્રો આજે પણ દિશા દર્શન કરાવી રહ્યા છે. આ શાસ્ત્રોની પંક્તિમાં ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રીનો પણ સમાવેશ થાય છે. શિક્ષાપત્રી એક આદર્શ સંપૂર્ણ શાસ્ત્ર છે. શિક્ષાપત્રીમાં સ્વયં ભગવાને ખાતરી આપતાં લખ્યું છે કે 'જે આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે, તે સ્ત્રી તથા પુરુષ ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સિધ્ધિને પામશે.' બિંદુમાં સિંધુ સમાન આ ગ્રંથમાં આચરણ, વર્તન અને વ્યવહાર અંગેના જ્ઞાનનો સાગર સમાયેલો છે, જે માનવસમુદાયના ભવતારણ માટે સંપૂર્ણ સામર્થ્ય ધરાવે છે.

શિક્ષાપત્રી વસંતપંચમીના દિવસે વસંતઋતુમાં લખાઈ છે. વસંતઋતુ પ્રકૃતિના સૌંદર્યની ઋતુ, સૃષ્ટિના શણગારની આ ઋતુમાં નવપલ્લવિત થયેલી વનરાઈમાં ખીલેલા રંગબેરંગી પુષ્પોની સુગંધથી વાતાવરણ પ્રફુલ્લિત થઈ જાય છે. તેવી જ રીતે શિક્ષાપત્રીને જીવન સાથે વણી લેનાર મનુષ્યનું જીવન પણ સદાબહાર વસંત જેવું બની જાય છે.

સુખદુ:ખનું કારણ માનવ મન જ છે. 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ'ના ન્યાયે માનવ પોતાના જીવનને જે દૃષ્ટિથી મૂલવે છે તેવી જ અનુભૂતિ થાય છે. જે માનવ ઈશ્વરથી વિમુખ થયેલો છે તેના માટે સંસાર દુ:ખનો દરિયો છે અને જેનું મન શ્રધ્ધાપૂર્વક શ્રીજી સાથે જોડાયેલું છે તેને સંસાર સુખનો સાગર લાગે છે. અરે, પ્રભુનો પોકાર આપણે સાંભળી નથી શકતા, ઈશ્વર તો પ્રેમપૂર્વક આપણું પોષણ કરે છે. આપણું અહોભાગ્ય છે કે દેવતાઓ પણ ઈર્ષ્યા કરે તેવી માનવયોનિમાં આપણે જન્મયા છીએ. જે સત્સંગી શ્રધ્ધાપૂર્વક સંપૂર્ણ સમર્પિત ભાવ સાથે શ્રીજી મહારાજનું શરણ સ્વીકારી પ્રભુપરાયણ થઈ જાય છે. તેના પર પરમતત્ત્વની પૂર્ણ કૃપાની વર્ષા સદૈવ વર્ષે છે. પ્રભુપરાયણતાનો એવો તો પ્રભાવ છે કે ભગવાન સ્વયં સહજ સામાન્ય થઈને ઓતપ્રોત થનાર ભક્તો સાથે ભળી જાય છે. ભક્તની ઈચ્છાને આધીન થઈ જાય છે.

ભક્ત કવિ રસખાને ગોપીઓ અને કૃષ્ણના પરસ્પર પવિત્ર પ્રેમનું આ રીતે વર્ણન કર્યું છે,

'શેષ, ગણેશ, મહેશ, દિનેશ, સુરેશ કુ જાહી નિરંતર ગાવૈ,
જાહી અનાદિ, અનંત, અછેદ, અભેદ, સુવેદ બસાવૈ,
નારદ સે શુક વ્યાસ રટૈ, પચિ હારે તહુ પુનિ પાર ન પાવૈ,
તાહિ આહિરકી છોહરીયાં છછૈયા ભરી છાછ પે નાચ નચાવૈ.' અર્થાત્

સમગ્ર પૃથ્વીનો ભાર જેના શિરે છે તેવા શેષનારાયણ(નાગ), વિઘ્નહર્તા ગણેશજી, મહાદેવ શંકર ભગવાન, સર્વ જીવોને જીવાડનાર સૂર્યનારાયણ, દેવોના રાજા ઈંદ્ર આ સૌ જેના નિરંતર ગુણ ગાય છે. તેમજ જેનો કોઈ પ્રારંભ નથી, જેનો કદાપિ અંત નથી, જેને કોઈ છેદી શકે તેમ નથી, જેનો ભેદ કોઈ પામી શકે તેમ નથી એવા શ્રીકૃષ્ણ છે એમ આપણા વેદો કહે છે. ઉપરાંત નારદમુનિથી માંડીને શુક અને વ્યાસ જેવા ઋષી-મુનિઓ રટણ કરતા વારંવાર થાકી ગયા તોય તેને પૂર્ણ પણે સમજી કે પામી શકતા નહીં તેવા શ્રીકૃષ્ણ ભગવાનને આહિર કન્યાઓ (ગોપીઓ) છાલીયાભર છાશ માટે પોતાનું ધાર્યું કરાવી નાચ નચાવે છે.

આવી છે પ્રભુપરાયણ પ્રેમની અસર ! માટે હે હરિભક્તો એ વાતની ગાંઠ બાંધીલો કે ઈશ્વરના નામ સિવાય સઘડું મિથ્યા છે. આપણે પણ પ્રભુપ્રેમની પ્રાપ્તિના પ્રયત્નો કરી જીવનમાં વસંત લઈ આવીએ.

જય શ્રી સ્વામિનારાયણ !

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન



## વેદોપબૃંહ્મણ રૂપ ઉપનિષદ્ ગ્રન્થ યુગ

લેખાંક–૩૯

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી



**આનન્દમય શરીર :**

अन्योऽन्तर आत्मानन्दमयः । વિજ્ઞાનમય કોશ (શરીર)થી જુદું એક આનન્દમય કોશ (શરીર) છે. આ આનન્દમય કોશ સમસ્ત શરીરમાં વ્યાપ્ત છે. સંપૂર્ણ પક્ષીની સાથે સરખામણી કરતાં કહે છે કે - પ્રિય જ તે આનન્દમય શરીરની મસ્તક છે, મોદ ડાબી પાંખ છે, (મનુષ્યને પ્રિય લાગતા પદાર્થની પ્રાપ્તિથી મનુષ્ય જે હૃદયમાં પ્રસન્નતા મળે જે ત આનંદ મોદ કહેવાય છે) પ્રમોદ જમણી પાંખ છે, (મોદની ઉત્કૃષ્ઠ અવસ્થા જ પ્રમોદ કહેવાય છે) આનંદ તેનો મધ્યભાગ છે અને બ્રહ્મ તેનો આધાર છે.

**એક બ્રહ્માનંદ :**

બ્રહ્મની પ્રાપ્તિમાં પ્રાપ્તથતો બ્રહ્માનંદની સાંસારિક આનંદથી ઉત્તરોત્તર ગણના કરતાં ઋષિ કહે છે કે- જ્યારે જીવાત્મા બ્રહ્મની પ્રાપ્તિ કરે છે ત્યારે એ બ્રહ્મનો આનંદ કેટલો છે તેની સાંસારિક આનંદની સાથે તુલના કરીને બતાવવામાં આવ્યો છે. જેમ કે - મનુષ્ય આ લોકમાં સૌથી વધારેમાં વધારે અથવા સર્વોત્તમ આનંદની કલ્પના કરે તો જે શું હોઈ શકે ? તેને કેવી રીકે માપી શકાય ? તેના ઉત્તરમાં ઉપનિષદના ઋષિ કહે છે કે - (મનુષ્યલોકનો એક આનંદ) आऽऽनन्दस्य मीमांसा भवति । युवा स्यात् साधु युवाध्यापकः । आशिष्ठो द्रढिष्ठो बलिष्ठः । तस्येयं पृथिवी सर्वा वित्तस्य पूर्णा स्यात् । स एको मानुष आनन्दः । કોઈ મનુષ્ય ભરજુવાનીવાળો યુવાન હોય, શ્રેષ્ઠ આચરણ વાળો હોય, શિક્ષિત હોય, સ્વસ્થ હોય, બધી ઈન્દ્રિયો પૂર્ણરૂપથી ક્રિયાશીલ હોય, તેમની પાસે બહુ ધન-સંપત્તિ હોય, સંપૂર્ણ પૃથ્વી પર તેનું રાજ્ય હોય, તેમની પાસે બધા પ્રકારની સુખ-સુવિધાઓ હોય તેવો મનુષ્ય જે સુખ ભોગવે તે

સુખ મનુષ્યલોકનો એક આનંદ કહેવાય છે. મનુષ્યલોક પછી ગંધર્વલોકનો આનંદ કહેલો છે, મનુષ્યનો ૧૦૦ ઘણો આનંદ મળે તેને એક ગંધર્વલોકનો આનંદ કહેવાય. તેવી રીતે ઉત્તરોત્તર ૧૦૦ ઘણો આનંદ વધતો જાય છે. તે દેવગંધર્વલોક, પિતૃલોક, આજાનજલોક, કર્મદેવલોક, દેવલોક, ઈન્દ્રલોક, બૃહસ્પતિલોક, પ્રજાપતિલોક ત્યારપછી બ્રહ્માનંદ કહેલો છો. તેને સરલતાથી આવી રીતે સમજીએ

(૧) સો (૧૦૦) મનુષ્ય આનંદ - એક મનુષ્ય ગંધર્વ અનંદ.

(૨) સો (૧૦૦) ગંધર્વ આનંદ - એક દેવ ગંધર્વ આનંદ.

(૩) સો (૧૦૦) દેવ ગંધર્વ આનંદ - એક પિતૃ આનંદ.

(૪) સો (૧૦૦) પિતૃ આનંદ - એક આજાનજ દેવ આનંદ.

(૫) સો (૧૦૦) આજાનજ દેવ આનંદ - એક કર્મ દેવ આનંદ.

(૬) સો (૧૦૦) કર્મદેવ આનંદ - એક દેવ આનંદ.

(૭) સો (૧૦૦) દેવ આનંદ - એક ઈન્દ્ર આનંદ,

(૮) સો (૧૦૦) ઈન્દ્ર આનંદ - એક બૃહસ્પતિ આનંદ.

(૯) સો (૧૦૦) બૃહસ્પતિ આનંદ - એક પ્રજાપતિ આનંદ.

(૧૦) સો (૧૦૦) પ્રજાપતિ આનંદ - એક બ્રહ્માનંદ.

અર્થાત્ બ્રહ્માનંદની મનુષ્યના સાંસારિક ચરમ આનંદની સાથે તુલના કરવાથી બ્રહ્માનંદ ૧૦ લાખ અરબ ઘણો આનંદ હોય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે - જેટલા આનંદને મનુષ્ય જોઈ શકે,સાંભળી શકે, સમજીને કલ્પના કરી શકે અથવા ભોગવી શકે તે બધો આનંદ એક બ્રહ્માનંદની તુલનામાં કાંઈ પણ નથી. આ અનુવાકના અંતિમ મંત્રમાં ઋષિ કહે છે કે - જે મનુષ્ય પુરુષ અને સૂર્યમાં વ્યાપ્ત અંતર્યામી પુરુષને જાણી લે છે તે પાંચે કોશો અન્નમય, પ્રાણમય, મનોમય,વિજ્ઞાનમ અને આનંદમયની જે આત્મા અર્થાત્ પરબ્રહ્મને પ્રાપ્ત કરી લે છે. આહિં આનન્દવલ્લી સમાપ્ત થાય છે.

ભૃગુવલ્લી - ભાર્ગવી બ્રહ્મવિદ્યા - વારુણી બ્રહ્મવિદ્યા.

એક દિવસ વરુણ ઋષિનો પુત્ર ભૃગુ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ માટે પોતાના પિતાની પાસે જઈને પ્રાર્થના કરી અને બ્રહ્મને જાણવાની ઈચ્છા પ્રગટ કરી ત્યારે વરુણ ઋષિએ ભૃગુને કહ્યું હે પુત્ર ! अन्नं प्राणं चक्षुः श्रोत्रं मनो वाचमिति तं होवाच । यतो वा इमानि भूतानि जायन्ते येन जातानि जीवन्ति यत्प्रन्त्यभिसंविशन्ति तद्विजिज्ञासस्व तद्ब्रह्मेति । અન્ન, પ્રાણ, નેત્ર, શ્રોત્ર, (કાન) મન, અને વાણી આ બધી ઈન્દ્રિયો બ્રહ્મની પ્રાપ્તિનું સાધન છે. આ સાધનો દ્વારા બ્રહ્મની સત્તાનો અનુભવ થાય છે. આ બધુ પ્રત્યક્ષ જે દેખાય છે જેનાથીં જીવો ઉત્પન્ન થાય છે, જીવિત રહે છે અંતે જીવન છોડીને જેમાં પ્રવેશ કરે તેને તત્ત્વ દ્વારા જાણવાની ઈચ્છા કર તે બ્રહ્મ છે. આ પ્રમાણે

પિતાનો ઉપદેશ સાંભળીને ભૃગુ ઋષિએ તપ કર્યું અને પિતાના વચનો પર મનન કર્યું. મનન અને તપસ્યાથી જે જ્ઞાનની પ્રાપ્તિ થઈ તેનું વિવેચન આગળના અનુવાકોમાં કરવામાં આવ્યું છે.

બીજો અનુવાક

આ અનુવાકમાં અન્નની બ્રહ્મના રૂપમાં સ્થાપના કરી છે. પિતા વરુણના ઉપદેશાનુસાર ભૃગુ ઋષિએ સૌ પ્રથમ નિશ્ચયપૂર્વક માન્યું अन्नं ब्रह्मेति व्याजानात् । અન્ન જ બ્રહ્મ છે. કારણકે સમસ્ત પ્રાણીઓ અન્નથી જ ઉત્પન્ન થાય છે. ( અન્નથી જ વીર્ય ઉત્પન્ન થાય છે અને વીર્ય થી પ્રાણીઓનો જન્મ થાય છે) અન્નથી જ અન્નમય શરીર પૃષ્ટ થાય છે તથા અન્ય શરીરોને ધારણ કરે છે અને મરણ પછી અન્નમાં જ પ્રવેશ કરી જાય છે. ( કારણ કે અન્ન પૃથ્વીથી ઉત્પન્ન થાય છે અને જીવનું શરીર મરણ પછી પૃથ્વીમાં વિલીન થઈ જાય છે.) આવી રીતે ભૃગુએ મનન કરીને પિતા પાસે આવીને કહ્યું "અન્ન જ બ્રહ્મ છે" એવું મે જાણી લીધું છે.

પિતાએ કહ્યું પુત્ર ! તપ કર, તપ જ બ્રહ્મ છે. પિતાનો ઉપદેશ અને આજ્ઞાનુસાર ભૃગુએ પ્રાણને બ્રહ્મ માનીને મનન અને તપનો પ્રારંભ કર્યો અને નિશ્ચય કર્યો "प्राणो ब्रह्मेति व्याजानात् ।" પ્રાણ જ બ્રહ્મ છે. કારણ કે સમસ્ત પ્રાણીઓ પ્રાણથી ઉત્પન્ન થાય છે ( અર્થાત્ એક જીવિત પ્રાણી થી બીજા સજીવ પ્રાણયુક્ત પ્રાણી જન્મ લે છે) પ્રાણો દ્વારા સર્વેનું પોષણ થાય છે, કારણ કે અપાન, ઉદાન, વ્યાન, સમાન આદિ પ્રાણો દ્વારા પ્રાણ જ અન્ન અને રસને શરીરના જુદા જુદા ભાગોમાં પહોંચાળે છે અને જુદી જુદી શારીરિક ક્રિયાઓને નિયંત્રિત કરે છે. તેવી જ રીતે મરણ પછી સર્વે જીવો પ્રાણમાં જ પ્રવેશ કરે છે. કારણ કે મૃત શરીરમાં પ્રાણ નથી રહેતો તેથી પ્રાણ જ બ્રહ્મ છે આવો નિશ્ચય કરીને ફરી પિતા પાસે આવીને કહ્યું.

પિતાએ કહ્યું પુત્ર ! તપ કર, તપ જ બ્રહ્મ છે. પિતાનો ઉપદેશ અને આજ્ઞાનુસાર ભૃગુએ મન જ બ્રહ્મ છે એનું મનન અને તપનો પ્રારંભ કર્યો અને નિશ્ચય કર્યો "मनो ब्रह्मेति व्याजानात् ।" મન જ બ્રહ્મ છે. કારણ કે પિતા દ્વારા બતાવેલ બ્રહ્મનાં લક્ષણ મનમાં જોવા મળે છે. મનથી જ સર્વે પ્રાણીઓનો ઉદ્‌ભવ થાય છે કારણ કે માતા-પિતા અથવા સ્ત્રી-પુરુષના માનસિક ભાવો જાગૃત થયા પછી જ મિથુનાત્મક સૃષ્ટિ દ્વારા જીવ માતાના ઉદરમાં પ્રવેશ કરે છે. જન્મ લીધા પછી મનથી જ ઈન્દ્રિયો દ્વારા સમસ્ત જીવનને ધારણ કરે છે અને મરણ પછી મનમાં જ પ્રવેશ કરે છે. તેથી નિઃસંદેહ મન જ બ્રહ્મ છે. આવો નિશ્ચય કરીને ફરી પિતા પાસે આવીને કહ્યું - પિતા ! મન જ બ્રહ્મ છે એવો નિશ્ચય મેં કરી લીધો છે.

ક્રમશઃ


## ગ્રાહક છો ? તો બીજાને બનાવો

ભુજ મંદિરનું મુખપત્ર માસિક શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશમાં દેશ-વિદેશના કચ્છ સત્સંગના સમાચારો સાથે પ્રેરણાદાયી લેખો દ્વારા સત્સંગની સેવા કરવામાં આવે છે. આપ દૂર-દૂર બેઠા હો તો પણ લવાજમ ભરી આજીવન દેશમાં ૫૦૦/- વિદેશમાં ૬૦૦૦ રૂ. ભરી આજે જ થઈ ઘેર બેઠા માસિકપત્ર મેળવો. વાંચો અને વંચાવો.

# બાળકોનો જન્મદિવસ કેવી રીતે ઉજવવો ?

અહેવાલ :- જયંતિલાલ મનજી દેવજી વેકરીયા, માંડવી

સર્વ વાચકોને જય શ્રી સ્વામિનારાયણ !

બાળકોને પોતાના જન્મદિવસ ઉજવવાનો ઘણો શોખ હોય છે અને એમનામાં એ દિવસે ઘણો ઉત્સાહ હોય છે. પરંતુ પોતાની પરતંત્ર માનસિકતાને કારણે આપણે એ દિવસે પણ એમના મગજ પર પાશ્ચાત્ય કલ્ચરની છાપ છોડીને પોતાની સાથે એમની સાથે અને દેશની સાથે ઘણો જ અન્યાય કરી રહ્યા છીએ.

બાળકોના જન્મદિવસ પર 'કેક' બજારમાંથી ખરીદીએ છીએ જે ૮૦ થી ૯૦% નોનવેજ હોય છે અથવા ઘેર બનાવીએ છીએ તથા બાળકને જેટલા વર્ષ થયા હોય એટલી મીણબત્તીઓ 'કેક' પર લગાવીએ છીયે એમને સળગાવીને પછી ફૂંક મારીને ઓલવી નાખીએ છીએ ! જરા વિચાર તો કરીએ કે આપણે કેવી ઊલટી ગંગા વહાવી રહ્યા છીએ જ્યાં દીવા પ્રગટાવવા જોઈએ ત્યાં ઓલવી રહ્યા છીએ. જ્યાં આપણે ગરીબોને અન્ન ખવડાવવું જોઈએ ત્યાં આપણે મોટી મિજબાનીઓમાં ખર્ચ કરીને પૈસા ઉડાવી રહ્યા છીએ કેવી વિચિત્રતા છે આજનો આપણો જન સમાજની !

જન્મદિવસે બાળકોને વહેલા જગાડી નવરાવી ધોવરાવી, પૂજા-પાઠ કરાવી મંદિરે લઈ જઈએ, મંદિરમાં અખંડ દીપ પ્રગટે છે તેમાં ઘી પૂરાવો દીપને પગે લગાડો, ભગવાનને પગ લગાડો, સંતોના આશીર્વાદ આપાવવા અને ઘરના વડીલો માતા-પિતાને પગે લગાડી આશીર્વાદ અપાવવા અથવા કોઈ બાળકને ૧૧મો જન્મદિવસ છે તો થોડા ચોખા લઈને અને હળદર કંકુ, ગુલાલ, સિંદુર વગેરે માંગલિક દ્રવ્યોથી રંગી લઈએ અને એનાથી સ્વસ્તિક બનાવીએ. એ સ્વસ્તિક પર ૧૧ નાના નાના દીવા અને ૧૨માં વર્ષની શરૂઆતના પ્રતીકરૂપે એક મોટો દીવો રાખવો. પછી ઘરના વડીલો પાસે બધા દીવા પ્રગટાવવા અને એમને પ્રણામ કરીને એમના આશીર્વાદ ગ્રહણ કરાવડાવીએ.

મિજબાનીઓમાં ફાલતુ ખર્ચ કરવાને બદલે બાળકોના હાથે ગરીબોમાં, અનાથાલયોમાં ભોજન, વસ્ત્ર વગેરેનું વિતરણ કરાવીને પોતાના ધનને લોકો પાસેથી ચીજ-વસ્તુઓ લેવાના બદલે આપણે પોતાના બાળકોના હાથે દાન કરવાનું શીખવીએ કે જેથી એમનામાં લેવાની વૃત્તિ નહિ પરંતુ આપવાની વૃત્તિને બળ મળે. તથા આપણે બાળકો પાસે નવાં ધાર્મિક કાર્યો કરાવીને એમનામાં વૈદિક ધર્મ તથા દેશહિતની ભાવનાનો સંચાર કરવો જોઈએ જેવા કે વૃક્ષ-છોડ વાવવા જોઈએ. જો આપણે પોતાના બાળકોના જન્મદિવસ ઉજવીએ કદાચ એમને ભૌતિક રૂપે ભલે કંઈ ન આપી શકીયે પરંતુ આ સંસ્કારોથી જ આપણે એમને મહાન બનાવી શકીએ છીએ. એમને એવા મહેકતા ફૂલ બનાવી શકીએ છીએ કે પોતાની સુવાસથી એ ફક્ત પોતાના ઘર, પડોશ, શહેર,રાજ્ય નહિ પરંતુ આખા દેશને સુવાસિત કરી શકશે. અને હા આવા સંસ્કારથી સુસજ્જ બાળકો જ આપણા સત્સંગને બચાવશે.

આવા સંસ્કારો અને માર્ગદર્શન મલે એ માટે આપણા ભુજ મંદિરના મહંત સ્વામીની આજ્ઞાથી દર રવિવારે દરેક મંદિરોમાં બાલ મંડળની સભાઓ ચાલે છે તો આપણા બાળકોને અવશ્ય બાલ સંસ્કાર લેવા અને ભવિષ્યનું નિર્માણ કરવા સભામાં મૂકીયે અને ઘરે પણ સભા કરીએ.

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## પોષ સુદ ૧૧ એકાદશીના દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓ

- પ.ભ. હરખાભાઈ નરસંગભાઈ પોલાર સહપરિવાર - રાપર હાલે ભુજ
- પ.ભ. નારણભાઈ પરબત હિરાણી - ફોટડી હાલે નૈરોબી
- પ.ભ. નાનજીભાઈ કરસન કારા - રામપર
- પ.ભ. મૂર્તિબેન કલ્યાણ રાબડીયા હ. નારણભાઈ - નૈરોબી
- પ.ભ. સવિતાબેન મેઘજી વરસાણી હ. કલ્યાણ કાનજી હીરાણી - ભક્તિનગર
- પ.ભ. રીનાબેન શામજી ભંડેરી - નૈરોબી
- પ.ભ. લક્ષ્મણભાઈ હીરજી ભુડીયા - ફોટડી
- પ.ભ. અંકુરભાઈ રઘુવીરભાઈ દેસાઈ - નડિયાદ હાલે મેલબોર્ન
- પ.ભ. જગદિશભાઈ કેશરા ઠાકરાણી - બળદિયા
- પ.ભ. ગં.સ્વ. શાંતાબેન મંગલજી કારીયા તથા કેતન આર. ઠક્કર હ. રસિકલાલભાઈ સલાટ - ભુજ
- પ.ભ. ધ્રુવભાઈ કલ્પેશભાઈ માવજી હાલાઈ - મેઘપર
- પ.ભ. મિતેશભાઈ જગદિશ હિરાણી - નારણપર હાલે નૈરોબી
- પ.ભ. દેવજીભાઈ વાલજી હિરાણી સુત મનજી દેવજી - માડવી
- પ.ભ. વિનોદભાઈ કરસન હિરાણી - ગોડપર
- પ.ભ. કાન્તિલાલભાઈ માવજીભાઈ નાકરાણી - આમારા
- પ.ભ. પાર્વતીબેન શામજી હાલાઈ - કોડકી હાલે નૈરોબી
- પ.ભ. જશુબાઈ લાલજી કેરાઈ - સુખપર
- પ.ભ. હિતેશભાઈ ધનજી વેકરીયા ધ.પ. મંજુબેન હિતેશ - બળદિયા હાલે નૈરોબી
- પ.ભ. વાલબાઈ રવજી વેકરીયા - વેકરા
- પ.ભ. નેહુલુ ભીમજી વરસાણી - સામત્રા
- પ.ભ. તુષાલભાઈ ભીમજી મનજી વરસાણી - માંડવી
- પ.ભ. હીરજીભાઈ લક્ષ્મણ ભુવા - મદનપુર
- પ.ભ. શીવજીભાઈ દેવજીભાઈ પાંચાણી ધ.પ. મેઘબાઈ - કેરા
- પ.ભ. પ્રવીણભાઈ જાદવજી વરસાણી - ભક્તિનગર
- પ.ભ. જેસીતાબેન કલ્યાણ આસાણી - વેકરા
- પ.ભ. મધુબેન રાજેશકુમાર ઠક્કર હ. રાજેશકુમાર પોપટલાલ ગૌરીશંકર ઠક્કર - ભુજ
- પ.ભ. જાદવાભાઈ કાનજી વરસાણી - માનકુવા
- પ.ભ. અ.નિ. રાધાબાઈ દેવજી કેરાઈ પુત્રી ધનબાઈ - નારણપર
- પ.ભ. ગોપાલભાઈ નારણ વેકરીયા - સુખપર
- પ.ભ. અ.નિ. માવજીભાઈ મેઘજી શીયાણી, હીરબાઈ માવજી પુત્ર કરસાન માવજી સહપરિવાર - ભક્તિનગર
- પ.ભ. દેવરાજભાઈ નારણ ભોજાણી - ભારાસર
- પ.ભ. દેવશીભાઈ મુળજી હીરાણી - સુરજપર
- પ.ભ. વાલજીભાઈ કેશરા ભુવા - સુખપર હાલે લંડન
- પ.ભ. શીવજીભાઈ જીણા કેરાઈ - નારણપર
- પ.ભ. કિશોરભાઈ શીવજી કેરાઈ - નારણપર
- પ.ભ. વાલબાઈ વિશ્રામ રાઘવાણી - બળદીયા
- પ.ભ. તુલસીબેન જેન્તી વાગડીયા હ. મહંત

સાં.યો. શામબાઈ - સુખપર

- પ.ભ. હર્ષદભાઈ નાનજી જેસાણી - બળદીયા
- પ.ભ. નીતેશભાઈ નાનજી જેસાણી - બળદીયા
- પ.ભ. હરીશભાઈ પ્રેમજી વેકરીયા હ. વાલજી રવજી કેરાઈ - રામપર હાલે નૈરોબી
- પ.ભ. શાંતિભાઈ હીરજી આસાણી - માંડવી
- પ.ભ. અશ્વિનભાઈ રતનશી હાલાઈ - ગોધરા, માંડવી
- પ.ભ. મનજીભાઈ પ્રેમજી વરસાણી - કોડકી
- પ.ભ. રક્ષાબેન ગોવિંદ પિંડોરીયા હ. સાં.યો. નીતાબેન - નારણપર ઉ.વા.
- પ.ભ. ડીમ્પલબેન દિનેશ હિરાણી - કોડકી
- પ.ભ. મુકેશભાઈ શીવજી હિરાણી - ફોટડી
- પ.ભ. મહેન્દ્રભાઈ કરસન રાબડીયા - સરલી
- પ.ભ. લાલજીભાઈ કરસન રાબડીયા - સરલી
- પ.ભ. લાલજી શામજી શિયાણી - ભક્તિનગર
- પ.ભ. સ્મિત કિરણભાઈ ગોર - ભુજ
- અ.નિ. મહંત પુ. સ્વામી હરિસ્વરૂપદાસજીની પુણ્યસ્મૃતિમાં વાડીવારા સ્વામી હરિસેવકદાસજની પ્રેરણાથી નિહાલભાઈ અરવિંદ વાઘેલાના જન્મદિવસ પ્રસંગે ભેટ - ભુજ
- પ.ભ. રમેશભાઈ શીવજી હિરાણી - સુરજપર
- પ.ભ. રમીલાબેન પ્રકાશ હાલાઈ - મેઘપર
- પ.ભ. જશોદાબેન વાલજી ભીમજી કેરાઈ - નારાણપર ની.વા.
- પ.ભ. નારાણભાઈ પ્રેમજી હાલાઈ - મેઘપર
- પ.ભ. લાલજીભાઈ કુંવરજી હાલાઈ હ. નારણ લાલજી - મેઘપર
- પ.ભ. કાન્તાબેન મુળજી વરસાણી હ. સાં.યો.લાલબાઈ રામજી ભુજ - ભક્તિનગર
- પ.ભ. શરદભાઈ રમણીકલાલ જેઠી - ભુજ
- પ.ભ. દિનેશભાઈ કેશાભાઈ પટેલ - પુના
- પ.ભ. જીનીતાબેન જીતેશ રાબડીયા - સરલી
- પ.ભ. રવિલાલ કુંવરજી વરસાણી - ભારાસર
- પ.ભ. વાઘજીભાઈ વિશ્રામ હાલાઈ હ. નારાણ વાલજી - કોડકી
- પ.ભ. દિપકભાઈ રવજી વેકરીયા - વેકરા
- પ.ભ. રવજીભાઈ કરસન કેરાઈ - રામપર વેકરા
- પ.ભ. રમેશભાઈ પ્રેમજી આસાણી ધ.પ. શામબાઈ હ. સાં.યો. મહંત શામબાઈ ફઈ - માંડવી
- પ.ભ. ખુશાલીબેન મુકેશ વેકરીયા હ. હસુભાઈ ઠક્કર, સ્વામી ભક્તિકિશોરદાસજીની પ્રેરણાથી - ભુજ
- પ.ભ. પ્રવીણભાઈ ભીમજી હાલાઈ - સુરજપર
- પ.ભ. કોમલબેન શીવજી શીયાણી - મીરજાપર
- પ.ભ. કસ્તુરબેન રવજી હીરાણી - હ. પ્રવીણ રવજી - હરિપર
- પ.ભ. મુળજીભાઈ માવજી મેપાણી ધ.પ. અમરબાઈ - મદનપુર હાલે કમ્પાલા
- પ.ભ. પ્રેમજીભાઈ રવજી જેસાણી,ધ.પ. રાધાબેન સહપરિવાર તરફથી સર્વે પિતૃઓના મોક્ષાર્થે - દહીંસરા હાલે કમ્પાલા
- પ.ભ. અ.નિ. રામજીભાઈ પ્રેમજી વેકરીયા તથા અ.નિ. કાનબાઈ રામજી વેકરીયા હ. રામબાઈ - માધાપર
- સ્વામી ઘનશ્યામપ્રિય તથા સાં.યો. નીતાબેનની પ્રેરણાથી, નીતાબેન કિશોરભાઈ સોમનાથ પંડ્યા, પુત્ર યશ
- પ.ભ. સવિતાબેન લાલજી વરસાણી - કોડકી
- પ.ભ. રસીલાબાઈ માવજી - માંડવી
- પ.ભ. પ્રેમજીભાઈ હરજી હાલાઈ, ધ.પ. ભચીબાઈ પ્રેમજી હાલાઈ - સુખપર
- પ.ભ. મનજીભાઈ નારાણ ખેતાણી ધ.પ. કાન્તાબેન મનજી ખેતાણી - મદનપુર
- પ.ભ. જીનીતાબેન જીતેશ રાબડીયા - સરલી
- પ.ભ. નાઈસ કાન્તિ મેપાણી તથા વત્સલ કાન્તિ મેપાણી - મદનપુર હાલે કમ્પાલા

પ.ભ. વર્ષિલભાઈ હીરજી પાધરા - સુખપર

- પ.ભ. અ.નિ. લાલબાઈ કાનજી હ. જાદવજી કાનજી વરસાણી - સામત્રા
- પ.ભ. અ.નિ. કાનજીભાઈ નારાણ વરસાણી, હ. જાદવજી કાનજી વરસાણી - સામત્રા
- પ.ભ. હરજીભાઈ મનજી ભુડિયા - ફોટડી

## શ્રી નરનારાયણદેવને રસોડું અર્પણ કરનાર યજમાનશ્રીઓ

- પ.ભ. નાનબાઈ શીવજી હાલાઈ હ. નારાણભાઈ દેવરાજ હિરાણી - કોડકી
- પ.ભ. માનબાઈ કેશરા હિરાણી હ. કેશરા ધનજી હિરાણી - માનકુવા ભક્તિનગર
- પ.ભ. અ.નિ. લાલબાઈ મનજી ધનાણી - સુખપર
- પ.ભ. અ.નિ. વેલબાઈ દેવજી રાબડીયા હ. મનજી દેવજી - મીરજાપર
- પ.ભ. અ.નિ. કાનબાઈ રામજી વેકરીયાના સ્મરણાર્થે હ. પુત્રી રામબાઈ હ. અરજણભાઈ લક્ષ્મણ ભુડીયા - માધાપર
- પ.ભ. રામબાઈ દેવશી પાંચાણી - કેરા
- પ.ભ. અ.નિ. સામબાઈ ધનજી શિયાણી હ. કાનબાઈ શીવજી ભુડીયા - માનકુવા
- પ.ભ. જાદવાભાઈ માવજી મેપાણી ધ.પ. ધનબાઈ હ. સાં.યો. રામબાઈ - ઘડાણી

## શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં ધનુર્માસ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં તા. ૧૭-૧૨-૨૦૧૪ થી તા. ૧૫-૧-૧૫ એકમાસ સુધી દરરોજ વહેલી સવારે ૬:૧૫ થી ૭:૧૫ સુધી શણગાર આરતીથી રાજભોગ આરતી સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધુનનું આયોજન કરવામાં આવ્યું હતું. મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજી, પાર્ષદ જાદવજી ભગત આદી બ્રહ્મનિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં વિશાળ સંખ્યામાં જુદા જુદા હરિભક્તોએ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પોતાના આત્યંતિક કલ્યાણાર્થે, જન્મદિવસ પ્રસંગે, ઠાકોરજી તથા સંતોની પ્રસન્નતાર્થે ધૂન કરાવી ધન્યતા અનુભવી હતી. ધૂન કરાવનાર હરિભક્તોને બ્રહ્મનિષ્ઠ સંતોના વરદ્ હસ્તે સન્માન પહેરામણી (પ્રતિક ભેટ) આપવામાં આવતી હતી અને દરરોજ અળડીયાનો પ્રસાદ આપવામાં આવતો હતો. ૧૫-૧-૧૫ મકરસંક્રાતિના પૂણ્યકાળ નિમિત્તે ભવ્ય રાસોત્સવ તથા આખા મંદિરને પતંગોથી શણગારવામાં આવ્યું હતું, આ ધૂન તથા રાસોત્સવના મુખ્યદાતા કરસનભાઈ મનજી રાબડીયા બળદીયાવાળા હ. સુત વાલજીભાઈ કરસન રાબડીયા હાલે નૈરોબી સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીની પ્રેરણાથી રહ્યા હતા. આ સામગ્ર આયોજન કોઠારી સ્વામી ભગવદજીવનદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી,સ્વામી રઘુવીરચરણદાસજી, સ્વામી ધર્મજીવનદાસજી, સ્વામી ધર્મપ્રિયદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજીએ જબર જસ્ત ભારે જહેમત ઉઠાવી હતી. આવી કળકળતી ઠંડીમાં દરરોજ વહેલી સવારે હજારો હરિભક્તો ભાઈઓ તથા બહેનોએ આ દિવ્ય દર્શન અને ધૂનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. અને પૂજારી સંતો દરરોજ ઠાકોરજીને સારામાં સારા અંલકારો ભારે વસ્ત્રો સાથે અલૌકિક દિવ્ય દર્શન કરાવતા હતા.

## ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઉજવાયો દિવ્ય શાકોત્સવ

તા. ૪-૧-૧૫ રવિવારે શ્રી ભુજ સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજના વરદ્ હસ્તે ભુજના બાઈઓના મંદિરના મહંત સાં.યો. સામબાઈ અરજણ હિરાણી તથા સુખપર જુનાવાસ બાઈઓના મહંત સાં.યો. વેલીબાઈ હરજી હિરાણી તરફથી અતિ દિવ્ય અલૌકિક શાકોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. આ પ્રસંગે ભુજ મંદિરના સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજી, પાર્ષદ જાદવજી ભગત તથા કોઠારી સ્વામી ભગવદ્જીવનદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીના માર્ગદર્શન હેઠળ શાકોત્સવ ઉજવાયો હતો. એ દિવસે વહેલી સવારે મંગળા આરતી બાદ વિશાળ ડોમમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન થઈ હતી. પૂ. આચાર્ય મહારાજશ્રી વરદ્ હસ્તે ધૂનના યજમાનશ્રીઓને સન્માન કરવામાં આવ્યું હતું. શાકોત્સવ પ્રસંગે વિશાળ સંખ્યામાં સત્સંગી હરિભક્તોએ પ્રસાદનો લાભ લીધો હતો.

આ ભગીરથ કાર્ય માટે કોઠારી સ્વામી રઘુવીરચરણદાસજી, સ્વામી ધર્મજીવનદાસજી, સ્વામી ધર્મપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી નિલકંઠચરણદાસજી તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સત્સંગી હરિભક્તો ભાઈઓ-બહેનોએ જહેમત ઉઠાવી હતી.

## - શિક્ષાપત્રી જયંતી મહોત્સવ

શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાના સ્વહસ્તે વિક્રમ સવંત ૧૮૮૨ના મહાસુદ ૫ના ૨૧૨ શ્લોકની શિક્ષાપત્રી લખી છે અને કહ્યું કે આ શિક્ષાપત્રી મારું સ્વરૂપ છે. અને આ શિક્ષાપત્રી પ્રમાણે જે વર્તશે તે અમારો અને શિક્ષાપત્રી પ્રમાણે જે નહી વર્તે તે સત્સંગી નહી. આ શિક્ષાપત્રી એ જીવનની મૂળી છે. આ શિક્ષાપત્રીમાં તમામ શાસ્ત્રોનો નિચોળ છે. એવી મહામુલ્ય મહારાજની વાણી આપણા જીવનની ભાગ્યવિધાતા. શિક્ષાપત્રીની જન્મજયંતી તા. ૨૪-૧-૨૦૧૫ શનિવારે મંગળા આરતીબાદ કથા સભામંડપમાં બ્રહ્મનિષ્ઠ સંતોના સાંનિધ્યમાં સમૂહ પૂજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશાળ સંખ્યામાં સંતો તથા સત્સંગીઓ જોડાયા હતા. ત્યારબાદ ઠાકોરજી પાસે આંબો રોપવામાં આવ્યો હતો. ઠાકોરજીને શ્વેત વસ્ત્રો ધરાવવામાં આવ્યા હતા. હાથમાં સોનાની પિચકારી, રંગની ઝોડી તથા ફગવા, સુકોમેવો, સાકર પતાશા ધરાવવામાં આવ્યા હતા. એમ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીએ જણાવ્યું હતું.


**ધર્મ સંદેશના ગ્રાહક બનો અને બનાવો.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૯૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

**સત્સંગ સમાચાર મોકલાવો તેની સાથે પ્રસંગોના ફોટાઓ પણ અવશ્ય મોકલાવશો.**

# સત્સંગ સમાચાર

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ સુવર્ણજયંતી મહોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રેરિત શ્રી સ્વામિનારાયણ કેળવણી મંડળ દ્વારા સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયનો પાંચ સત્રનો ત્રિદિવસીય મહોત્સવ તા. ૨૯,૩૦ અને ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ના ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના અધ્યક્ષસ્થાને સંતવૃંદ, સાં.યો. બહેનો, રાજકીય અને સામાજિક મહાનુભાવો, આમંત્રિત મહેમાનો, શાળા પરિવાર અને હજારો ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં દબદબાભેર ભવ્યાતિભવ્ય રીતે ધામધૂમથી ઉજવાઈ ગયો.

કાર્યક્રમનો મંગલ પ્રારંભ દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. મહંત સ્વામી સાથે સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદવર્ય જાદવજી ભગત, શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજી, સ્વામી અક્ષરમુક્તદાસજી, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ત્રિકમભાઈ છાંગા, જિલ્લા પંચાયત કારોબારી ચેરમેનશ્રી અરવિંદભાઈ પિંડોરીયા, મંદિરના મુખ્ય કોઠારીશ્રી રવજીભાઈ ભુડીયા, કેળવણી મંડળના પ્રમુખશ્રી ભરતભાઈ મહેતા, વિદ્યાર્થી ભવનના પ્રમુખશ્રી ખીમજીભાઈ ભુડીયા, મંદિરના ટ્રસ્ટીશ્રી મુળજીભાઈ શિયાણી, વિદ્યાલયના આચાર્યશ્રી મનગભાઈ સુથાર આદિ દીપપ્રાગટ્ય વિધિમાં જોડાયા હતા.

તા. ૨૯ ના સવારના સત્રમાં વિદ્યાલયના ભૂતપર્વ આચાર્યો તથા ભૂતપૂર્વ શિક્ષકોને તથા બપોરના સત્રમાં વિદ્યાલયમાં અભ્યાસ કરી સમાજમાં પદ, પ્રતિષ્ઠા અને પ્રસિધ્ધિ પ્રાપ્ત કરનાર તબીબો, ઈજનેરો, ધારાશાસ્ત્રીઓ અને સામાજિક અગ્રણી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સ્મૃતિ પ્રતીક ભેટ અર્પણ કરી સન્માનવામાં આવ્યા હતા.

| ૨૨ | ૪૨ | ૭૨ | ૨૪ | ૧૦ | ૪૦ | સ્મૃતિ પ્રતિક (મોમેન્ટો) અર્પણ કરી |
|---|---|---|---|---|---|---|
| સંતો(પૂ.વિદ્યાર્થી) | તબીબ | ઈજનેર | ધારાશા. | સી.એ. | પૂર્વ શિક્ષકો | |

આદરભેર સન્માનિત કરવામાં આવ્યા હતા.

વ્યાસાસને બિરાજમાન થઈ વિદ્વાન વક્તા સંતોએ પાંચ સત્રોમાં શિક્ષણ અને સંસ્કારલક્ષી મનનીય અને પ્રેરક પ્રવચનો કથા સ્વરૂપે પ્રવાહિત કરી ભારતીય પૌરાણિક પરંપરા અને વર્તમાન શિક્ષણ પધ્ધતિની છણાવટ કરી સાચા શિક્ષક અને આદર્શ વિદ્યાર્થીઓની વાત પ્રસ્તુત કરી હતી. જેના વિષયો નીચે મુજબ હતા.

તા. ૨૯/પ્રથમ સત્ર : શાસ્ત્રી સ્વામી શૌનકમુનિદાસજી - ગુરુકુળોનું પ્રયોજન

દ્વિતીય સત્ર : શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી - સમાજમાં શિક્ષકની ભૂમિકા - આદર્શ વિદ્યાર્થી

તા. ૩૦/પ્રથમ સત્ર : શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી - સદ્ભાવ

દ્વિતીય સત્ર : શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી - શિક્ષણ સાથે સંસ્કારની આવશ્યકતા

તા. ૩૧/પ્રથમ સત્ર : શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી - વિદ્યાર્થી પંચલક્ષણમ્

તા. ૨૯ના પ્રથમ સત્રમાં વિદ્યાલયની ગૌરવગાથા ઉપરાંત શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા શિક્ષણક્ષેત્રે અપાયેલ પ્રશંસનીય પ્રદાન તથા દીર્ઘદષ્ટા

તત્કાલિન મહંત અ.નિ. સ.ગુ. સ્વામી ધર્મજીવનદાસજીના જીવનવૃત્તાંતને વણી લેતા સુવેનીયર 'સંસ્કારોની સરવાણી'નું વિમોચન મહંત સ્વામી તથા મહાનુભાવોના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

અતિથિ વિશેષ શ્રી ત્રિકમભાઈ છાંગાએ મંદિરની શૈક્ષણિક પ્રવૃત્તિઓને બિરદાવી હતી. તેમજ વિનમ્રભાવે જણાવ્યું હતું કે હું પણ આ વિદ્યાલયનો શિક્ષક છું તેમજ મારી રાજકીય પ્રગતિ અને પદ આ મંદિર અને વિદ્યાલયને જ આભારી છે. જો હું આ વિદ્યાલયમાં ન હોત તો કદાચ જિલ્લા પંચાયતના પ્રમુખનો હોદ્દો મને પ્રાપ્ત થયો ન હોત. આ વિદ્યાલયના અંગ હોવાનું મને ગૌરવ છે.

આ મહોત્સવ દરમ્યાન પધારેલ રાજકીય આગેવાનો :

તા. ૨૯ - જિ.પં. પ્રમુખશ્રી ત્રિકમભાઈ છાંગા, જિ.પં. કારોબારી ચેરમેનશ્રી અરવિંદભાઈ પિંડોરીયા, સાંસદ સભ્યશ્રી વિનોદભાઈ ચાવડા, ભુજ વિસ્તારના ધારાસભ્ય શ્રીમતી નીમાબહેન આચાર્ય, ભુજના મેયર શ્રીમતી હેમલતાબેન ગોર.

તા. ૩૦ - રાજ્યમંત્રીશ્રી તારાચંદભાઈ છેડા, પૂર્વ સાંસદ સભ્યશ્રી પુષ્પદાનભાઈ ગઢવી, પૂર્વ ધારાસભ્યશ્રી મહેશભાઈ ઠક્કર, તા. ૩૧ - રાપર વિસ્તારના ધારાસભ્યશ્રી પંકજભાઈ મહેતા સૌ રાજકીય અગ્રણીઓને સન્માનિત કરાયા હતા.

સરકારી અધિકારીઓમાં જિલ્લા સમાહર્તાશ્રી મહેન્દ્ર પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભાલારા, જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી મુકેશ પટેલ, પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી બહાદુરસિંહ સોલંકી આદિ ઉપરાંત સામાજિક અગ્રણીઓ શ્રી અરજણભાઈ પીંડોરીયા, શ્રી આર.આર.પટેલ, શ્રી હરિભાઈ હાલાઈ, શ્રી આર.ડી.વરસાણી, શ્રી નંદુભાઈ રાઘવાણી આદિ મહાનુભાવો સાથે મંદિરના ટ્રસ્ટીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. સૌનું યથોચિત સન્માન કરવામાં આવ્યું હતું.

રાજકીય મહાનુભાવો પૈકી આદરણીય સર્વશ્રી તારચંદભાઈ છેડા, વિનોદભાઈ ચાવડા, મહેશભાઈ ઠક્કર, પંકજભાઈ મહેતા આદિએ મહોત્સવ દરમ્યાન પ્રાસંગિક પ્રવચનોમાં મંદિરની શિક્ષણલક્ષી વિકાસયાત્રા ઉપરાંત મંદિર દ્વારા સામાજિક, રાષ્ટ્રીય તેમજ કુદરતી આપત્તિ સમયે વણથંભી સહાય જેવી અનેક ક્ષેત્રોની સેવા અને યોગદાનની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. લોકસેવાની આવી પ્રવૃત્તિઓ દ્વારા જે જે પ્રવૃત્તિઓ થાય છે તેની ખાસ નોંધ લેવામાં આવી હતી. ઉપરાંત સરકારી અધિકારીઓ પૈકી જિલ્લા સમાહર્તાશ્રી મહેન્દ્ર પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી આર.જી. ભાલારા, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મુકેશ પટેલ આદિએ પોતાનાં ઉદ્‌બોધનોમાં મંદિર તથા વિદ્યાલયની પ્રવૃત્તિઓ તથા સિધ્ધિઓની નોંધ લીધી હતી.

મહોત્સવ દરમ્યાન વિદ્યાલય અને વિદ્યાર્થી ભવનના પૂર્વ સંચાલક સંતો, વર્તમાન સંચાલક અને સહસંચાલક સંતો, કેળવણી મંડળ તથા વિદ્યાર્થી ભવનના પૂર્વ પ્રમુખશ્રીઓ અને વર્તમાન પ્રમુખો, વિદ્યાર્થી ભવનના પૂર્વ અને વર્તમાન ગૃહપતિઓ, વિદ્યાલયના આચાર્ય તથા શાળા પરિવાર, વિજ્ઞાન વિભાગના આચાર્ય તથા વિદ્યાલય પરિવાર તથા પ્રાથમિક વિભાગના શિક્ષકગણને ઉપરાંત કેળવણી મંડળ તથા વિદ્યાર્થી ભવનના ટ્રસ્ટીઓને સન્માનિત કરાયા હતા. સાથોસાથ મહોત્સવ સંબંધિત ભોજન વ્યવસ્થા, પાણી વ્યવસ્થા, મંડપ તથા સ્ટેજ વ્યવસ્થા, વાહનવ્યવહાર, પહેરામણી વ્યવસ્થા ઈત્યાદિ સમિતિઓમાં સેવા આપનાર સૌનું સન્માન કરવામાં આવ્યું હતું.

પોતાનાં પ્રતિભાવ આપતાં પૂર્વ આચાર્યશ્રી જનકભાઈ ભટ્ટે ભાવવાહી શૈલીમાં અંતરના ઉદ્‌ગારો

અભિવ્યક્ત કરતાં જણાવેલું કે હું વિદ્યાર્થી ભવનમાં રહીને ભણ્યો ત્યારબાદ વિદ્યાલયમાં શિક્ષક તરીકે ભણાવ્યું અને આચાર્ય પદ પ્રાપ્ત થતાં વિદ્યાલયનાં શિક્ષણ સાથે વહીવટી જવાબદારીઓ સંભાળી અને નિવૃત્તિબાદ હાલે વિદ્યાલયના ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યો છું. આમ છેલ્લા ૫૦થી વધુ વર્ષોનો મારો વિદ્યાલય સાથે નાતો છે અને આજે હું જે કંઈ છું તે સ્વામિનારાયણ મંદિર અને આ સંસ્થાને આભારી છે. પોતાનાં સંસ્મરણો વાગોળતાં પૂર્વ વિદ્યાર્થીઓ સર્વશ્રી નારાણભાઈ હાલાઈ - કોડકી, જગદિશ વાગાણી - સુખપર, ડૉ. સુનિલ છાયા - ભુજ, અતુલ મહેતા - ઈજનેર ભુજ, દિનેશ પિંડોરીયા - મિરઝાપર, અરજણભાઈ પીંડોરીયા - નારણપર, સુખદેવસ્વરૂપ સ્વામી - ભુજ મંદિર, નવીનભાઈ જોષી - ભુજ પત્રકાર આદિએ વિદ્યાર્થીકાળને જીવનનો સુવર્ણ સમય જણાવી ખાટી મીઠી વાતો સાથે શાળામાં માણેલા અનેક પ્રસંગોને, શિક્ષકોને, સંતોને યાદ કર્યા હતા અને સ્વામિનારાયણ વિદ્યાલયમાં પ્રવેશ મળે એ વાત જ 'કોલર ઊંચા કરીને ફરવા જેવી' અતિ ગૌરવની વાત હતી. અને આ વિદ્યાલયે જ શિક્ષણ સાથે સંસ્કારોનું સિંચન કરી જીવન ઘડતર કર્યું છે તેવું જણાવેલ. આ માતૃ સંસ્થાનું ઋણ ક્યારેય પણ ભૂલી શકાય તેમ નથી તેમ ગદ્‌ગદિત વાણીમાં જણાવેલું. શ્રીહરિભાઈ ઝરૂ (પૂર્વ ગૃહપતિ)એ જીવનમાં પ્રગતિ કરવા માટે ગુરુકુળ પધ્ધતિથી ચાલતી સંસ્થામાં રહી અભ્યાસ કરવાના મહત્ત્વને જણાવ્યું હતું. શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા ચાલતા વિદ્યાર્થી ભવનના સંસ્મરણો વ્યક્ત કરી શિક્ષાપત્રીનો ઉપદેશને જીવનમાં વણી લેવા પર અતિ ભાર મુક્યો હતો. પૂર્વ વિદ્યાર્થી શ્રી સુનિલભાઈ ધોલી **IAS**(ક્લેક્ટર જેવો ઉચ્ચ હોદ્દો પ્રાપ્ત કરવા માટેની) પરીક્ષામાં ઉત્તીર્ણ થયા તે બદલ તેમજ વાયુસેનામાં જોડાનાર શ્રી બુધ્ધિલાલ કટ્ટાને પણ સન્માનિત કરાયા હતા.

સુવર્ણજયંતી વર્ષ નિમિત્તે યોજાએલ આંતર શાળાકીય સ્પર્ધાઓ મેઘા ક્વીજ કોન્ટેસ્ટ, વક્તૃત્વ સ્પર્ધા, એકપાત્રીય અભિનય સ્પર્ધા, લોકગીત-ભજન સ્પર્ધા આદિ વિવિધ સ્પર્ધાઓના વિજેતા વિદ્યાર્થીઓને આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ, પ.પૂ. મહંત સ્વામી, પાર્ષદવર્ય જાદવજી ભગત, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી દ્વારા તેમજ વિજેતા વિદ્યાર્થિનીઓને સાં.યો. મહંત પ.પૂ. શામબાઈ ફઈના વરદ્ હસ્તે પ્રમાણપત્રો અને રોકડ પુરસ્કાર આપીને સન્માનિત કરાયા હતા.

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા શરૂ કરાયેલ તમામ ગુરુકુળો, શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ અને શ્રી સ્વામિનારાયણ કન્યા મંદિર, ભુજ ના વિદ્યાર્થીઓ પૈકી માર્ચ માસમાં લેવાતી ધો.૧૦(**S.S.C.**)ની બોર્ડની પરીક્ષામાં ઉચ્ચ ગુણાંકન પ્રાપ્ત કરનાર છ વિદ્યાર્થીઓને મેઘજી કાનજી હિરાણી, સર્વજીવ હિતાવહ સેવા ટ્રસ્ટ, નારણપર દ્વારા પુરસ્કાર દર વર્ષે આપવામાં આવે છે. માર્ચ, ૨૦૧૪ની પરીક્ષામાં સર્વોચ્ચ ગુણ સાથે ઉત્તીર્ણ થયેલા છ વિદ્યાર્થીઓને આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મહંત સ્વામી આદિના હસ્તે સન્માનિત કરી પુરસ્કાર અર્પણ કરાયેલ. આ વર્ષે આ પુસ્કાર પ્રાપ્ત કરનાર છ એ છ વિદ્યાર્થીઓ શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજના હતા.

કાર્યક્રમ દરમ્યાન શાળાના આચાર્ય શ્રી મગનભાઈ સુથારે શાળાની વિવિધ પ્રવૃત્તિઓ, શાળાની સુવિધાઓ તેમજ શાળાના વિકાસ અંગે માહિતી આપી હતી. વિશેષમાં શાળાના અને વિદ્યાર્થીઓના વિકાસાર્થે શ્રી સ્વામિનારાયણ મંદિર અને કેળવણી મંડળના ટ્રસ્ટીઓ તરફથી હરહંમેશ સકારાત્મક સહકાર સાંપડે છે તેવું જણાવેલ. કેળવણી મંડળના યુવા મંત્રીશ્રી વિનોદભાઈ શિયાણીએ વિદ્યાલયના વિકાસાર્થે અમલમાં મુકાનાર વિદ્યાર્થી

કેન્દ્રી ભાવિ આયોજનની વિગત આપી હતી.

આ વિદ્યાલયમાં અભ્યાસ કરી ગયેલા ભુજ મંદિરના તમામ પૂર્વ વિદ્યાર્થી સંતો તેમજ સુવર્ણજયંતી મહોત્સવની મુખ્ય સમિતિના સંતો સર્વશ્રી કોઠારી સ્વામી ભગવદ્‌જીવનદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી હરિવલ્લભદાસજી, સ્વામી અક્ષરમુક્તદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી દેવચરણદાસજી, સ્વામી ઉત્તમચરણદાસજી, સ્વામી મુક્તમુનિદાસજી તેમજ સમિતિના મુખ્ય હરિભક્તોનું આચાર્ય મહારાજશ્રી તથા મહંત સ્વામીના વરદ્ હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

ત્રિદિવસીય કાર્યક્રમ દરમ્યાન શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય - ભુજ, શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ - માંડવી, શ્રીહરિ તપોવન ગુરુકુળ - રામપર, શ્રી સહજાનંદ ગુરુકુળ - માનકુવા, શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ - ગાંધીધામ, શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ - નારણપર આદિ સંસ્થાના વિદ્યાર્થીઓએ ઉપદેશાત્મક સુંદર વિચારો વ્યક્ત કરતા સાંસ્કૃતિક કાર્યક્રમોની ભવ્ય રજૂઆત કરી હતી. દરેક સત્રની શરૂઆતમાં આ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ સૂર્યનમસ્કાર, લેઝીમ, ડમ્બેશ, પીરામીડ, કરાટે આદિ દ્વારા અંગ કસરતના કાર્યક્રમો રજૂ કર્યા હતા. સુવર્ણજયંતીના ઉપક્રમે શ્રીહરિ બિલ્ડર્સ, શીસલ્સ - શ્રી વાલજીભાઈ વેલજીભાઈ વરસાણી (સુખપર) તરફથી વિદ્યાર્થીઓ માટે ૧૨૦૦ નંગ ટી-શર્ટ અને કેપ અર્પણ કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમ દરમ્યાન ઉપસ્થિત દેશ-વિદેશના અગ્રણીઓ તેમજ દાતાશ્રીઓનું યથોચિત્ત સન્માન કરી તેમની નોંધ લેવામાં આવી હતી. મહોત્સવની સફળતા માટે વિદ્યાલયના શિક્ષકો સહિત સર્વે સભ્યોએ દિવસ-રાત જોયા વગર લાંબા સમયથી ખૂબ પરિશ્રમ કરી અભિનંદનના અધિકારી બન્યા હતા.

અલગ અલગ સત્રનાં કાર્યક્રમો દરમ્યાન સંતોએ આશીર્વાદ પ્રવચનો કર્યા હતા. વિદ્યાલય અને વિદ્યાર્થી ભવનના સંચાલક સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજીએ ધ્યેય સિધ્ધિ અર્થે વિદ્યાર્થીઓને ઉદાહરણ સહિત શીખ આપી હતી. ઉપરાંત સંચાલન અને વહીવટમાં સહાયભૂત થનાર અને જ્યારે કોઈ સમસ્યા હોય ત્યારે તે સમસ્યાના નિવારણ અર્થે સંસ્થાની પડખે રહી સહકાર આપનાર હરિભક્તોનાં નામોના ઉલ્લેખ સાથે તેમની નિષ્ઠાને બિરદાવેલ. શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ શિક્ષણ યાત્રાની ગાથા રજૂ કરતાં જણાવેલ કે શિક્ષણ માટે ફંડ એકત્રિત કરવા વડીલ સંતો અને હરિભક્તોએ ભારતભ્રમણ કર્યું હતું. સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ પ્રસન્નતા પ્રગટ કરતાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતું પ્રેરક પ્રવચન કરી આશિષ પાઠવ્યા હતા. સુવર્ણજંયતીની ભવ્ય ઉજવણી અને આયોજનથી આનંદિત થતાં કોઠારી પાર્ષદવર્ય સ.ગુ. જાદવજી ભગતે વિદ્યાલયની પ્રગતિનાં સોપાન, ભાવિઆયોજનોની ઉપયોગિતા અને સૌ ટ્રસ્ટીઓ અને કાર્યકરોના અનન્ય સહકાર યુક્ત કાર્યથી પ્રભાવિત થઈ વિદ્યાર્થીઓની પ્રગતિ માટે આવી શક્તિનો સાતત્યપૂર્ણ ઉપયોગ કરવાની ભલામણ કરી હતી અને શિક્ષકોને બિરદાવ્યા હતા. પ્રાતઃસ્મરણીય મહંત સ્વામીએ હૃદયપૂર્વક આશીર્વાદ પાઠવતાં સહર્ષ જણાવેલ કે વડીલ સંતોના અથાગ પરિશ્રમના પરિણામ સ્વરૂપે પચાસ વર્ષ પૂર્વે શિક્ષણનો મજબૂત પાયો નખાયો તેની ઉજવણીના આ પ્રસંગે અભ્યાસ કરી ગયેલા હજારો વિદ્યાર્થીઓ આજે ઉપસ્થિત છે તે તેમની માતૃસંસ્થા પ્રત્યેની ભાવના દર્શાવે છે. વધુમાં મંદિર દ્વારા શિક્ષણની સંસ્થાઓ શરૂ થઈ છે તેમાં સંતોના પરિશ્રમ સાથે દેશ-વિદેશના હરિભક્તોની સેવા અને સહકારે સોનામાં સુગંધ જેવું કાર્ય કર્યું છે. આપણે જ્યારે જ્યારે આમંત્રણ આપીએ

છીએ ત્યારે ત્યારે આચાર્ય મહારાજશ્રી અવશ્ય પધારે છે તે તેમની કચ્છ પ્રત્યેની ભાવના અને કચ્છના હરિભક્તો પ્રત્યેનો પ્રેમ દર્શાવે છે. વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે સંસ્કારો જીવનમાં ઉતારવા અને અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત કરીને પ્રગતિ સાધવાના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૩૦ અને ૩૧-૧૨-૧૪ના રોજ આ ઐતિહાસિક કાર્યક્રમ પ્રસંગે પ.પૂ. ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તા. ૩૦ના રોજ આચાર્ય મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રા પહેલાં 'શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય માર્ગ'નું નામકરણ કરી આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ખુલ્લો મુકાયો હતો. આ પ્રસંગે સંતો, ટ્રસ્ટીઓ અને સેંકડો હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. શોભાયાત્રા બાદ સભા મંડપમાં આચાર્ય મહારાજશ્રીનું ઉષ્માભેર સ્વાગત-સન્માન કરવામાં આવેલ.

આચાર્ય મહારાજશ્રીએ અંતરના આશીર્વાદ પાઠવતાં પોતાના ઉદ્‌બોધનમાં જણાવેલ કે શાળા દ્વારા સંસ્કારયુક્ત શિક્ષણ આપવામાં આવે છે ઉપરાંત વડીલોના સંસ્કારો પણ વિદ્યાર્થીઓમાં ઉતર્યા છે આવા સુશીલ વિદ્યાર્થી વધુને વધુ પ્રગતિ કરે, સંસ્થાઓ દ્વારા શિક્ષણની પ્રવૃત્તિઓ વેગવંતી બને, પ્રજા સુશિક્ષિત થાય, ભાવિ સભ્ય સમાજનું સર્જન થાય અને પ્રજામાં તેજસ્વીતા આવે અને સૌનું કલ્યાણ થાય તેવો ભાવ વ્યક્ત કર્યો હતો.

તા. ૩૧ના કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિદ્યાલયમાં સરસ્વતી માતાની સફેદ આરસની ભવ્ય અને અત્યંત સુશોભિત સુંદર પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમ્યાન સંતો દ્વારા કથાસ્વરૂપે પીરસાયેલ અમૃતવાણીમાં આવતા ભજન-કીર્તનોને સુમધુર સંગીતના સથવારે સ્વામી શ્રીજીનંદનદાસજી, સ્વામી ભજનપ્રકાશદાસજી તથા તબલા વિસારદ સ્વામી નિલકંઠસ્વરૂપદાસજી દ્વારા કર્ણપ્રિય પ્રસ્તુતી કરાઈ હતી.

દરરોજ સવારે પ્રથમ સત્રની શરૂઆતમાં તેમજ દ્વિતીય સત્રના અંતે સંતો, ટ્રસ્ટીઓ અને હરિભક્તો દ્વારા ભાવપૂર્વક આરતી ઉતારવામાં આવતી તેમત દરેક સત્રની શરૂઆત ગ્રંથ(પોથી)પૂજન અને વક્તા પૂજનથી કરવામાં આવી હતી.

પાંચેય સત્રના અંતે ભોજન પ્રસાદની વ્યવસ્થાનો લાભ હજારોની સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ, મહેમાનો અને હરિભક્ત ભાઈ-બહેનોએ લીધો હતો. ભોજનાલયની વ્યવસ્થા સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી અને સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીના માર્ગદર્શન હેઠળ શ્રી લાલજીભાઈ રાબડીયા અને શ્રી લાલજીભાઈ રૂપાલીયાના નેતૃત્વ હેઠળ સમિતિના સભ્યોએ સુંદર રીતે સંભાળી હતી. જ્યારે સંતોના રસોડાની વ્યવસ્થા સ્વામી મુક્તમુનિદાસજી, સ્વામી ભક્તિનંદનદાસજી, સ્વામી કૃષ્ણચરણદાસજી અને સ્વામી આનંદસ્વરૂપદાસજીના માર્ગદર્શન હેઠળ હરિભક્તશ્રી રવજીભાઈ કેરાઈ આદિ સમિતિના સભ્યોએ સંભાળી હતી. પહેરામણી વ્યવસ્થા શ્રી કરસનભાઈ હાલાઈના નેતૃત્વ હેઠળ સમિતિના સભ્યોએ સંભાળી હતી. જ્યારે સુવર્ણજયંતીના પ્રચાર-પ્રસાર(પ્રીન્ટ મીડીઆ અને કેબલ (વીજ્યુએલ) મીડીયા)નું કાર્ય ટ્રસ્ટી શ્રી કે.કે. હિરાણી તથા શ્રી જગદિશભાઈ વાઘાણીએ સંભાળ્યું હતું, પરિણામ સ્વરૂપે હજારો ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આ પ્રસંગે હાજરી આપી શક્યા હતા.

સભામંડપની સાથે વિશાળ, ભવ્ય અને સુવિધાઓથી સજ્જ સુંદર સ્ટેજ બનાવવામાં આવેલ. પશ્ચાદભૂમાં થર્મોકોલની કલાત્મક આકર્ષક સુંદર

ફ્રેમમાં સદૈવ વંદનીય સંતો અ.નિ. સ.ગુ. સ્વામી શ્રીવલ્લભદાસજી, અ.નિ. સ્વામી ધર્મજીવનદાસજી, અ.નિ. સ.ગુ. સ્વામી મોરલીમનોહરદાસજી, અ.નિ. સ.ગુ. સ્વામી ઘનશ્યામજીવનદાસજી, અ.નિ. પાર્ષદવર્ય સ.ગુ. શામજી ભગત, અ.નિ. મહંત સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજી દર્શન આપી રહ્યા હતા. એક બાજુ પ્રાતઃસ્મરણીય વર્તમાન મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજી અને બીજી બાજુ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ પરમવંદનીય આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજીની પૂર્ણ કદની ચિત્રપ્રતિમાઓ આશીર્વાદ આપી રહી હતી. સ્ટેજની બંને બાજુ વિશાળ કદના **LCD** સ્ક્રીન ગોઠવવામાં આવ્યા હતા. જેથી છેક છેવાડે બેઠેલી વ્યક્તિ પણ સ્ટેજ પરની ઝીણામાં ઝીણી બાબતોને સ્પષ્ટ રીતે નિહાળી શકે. સ્ટેજ, મંડપ, લાઈટ અને સાઉન્ડની વ્યવસ્થાની જવાબદારી સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી અને સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજીએ સંભાળી હતી.

પ્રથમ સત્રમાં વિદ્યાલયના વિદ્યાર્થીઓએ મદનકુમાર અંજારિયા 'ખ્વાબ' રચિત અને ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી રાજેશભાઈ પઢારીયા દ્વારા સંગીતમાં સ્વરબધ્ધ કરેલ વિદ્યાલયના વિદ્યાર્થીઓના જોમ, જુસ્સા અને ગુણોને કર્ણપ્રિય રીતે રજૂ કરતા 'થીમ સોંગ'ની પ્રસ્તુતિથી સૌ રોમાંચિત થઈ ઊઠ્યા હતા. પાંચેય સત્રમાં સત્કારો, સન્માનો અને વિવિધ રજૂઆતો સમયે બેકગ્રાઉન્ડમાં ગૂંજતા આ 'વી આર ધ સ્ટુડન્ટ ઓફ એસ.એસ.વી.' થીમ સોંગે વાતાવરણમાં અસરકારક અદ્‌ભુત જમાવટ કરી હતી. સૌની આંખોમાં એક આગવી ચમક અને હૃદયમાં જુસ્સાનો ધબકાર જગાવનાર આ 'થીમ સોંગ ' અવિસ્મરણીય રહ્યું હતું.

સભાનું સુચારુ સફળ સંચાલન શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ સુંદર અને સચોટ રીતે કરી નિયત આયોજનો સમય મર્યાદામાં પરિપૂર્ણ કરી બતાવી પોતાની આગવી સૂઝ, વિદ્વતા અને કાબેલિયતનો પરિચય આપ્યો હતો.

તા. ૨૯ના રાત્રે રાસોત્સવ અને તા. ૩૦ના રાત્રે લોકસાહિત્યકાર હાસ્યસમ્રાટ શ્રી માયાભાઈ આહિરનો ડાયરો યોજવામાં આવેલ. ઓરકેસ્ટ્રાના સથવારે રાસોત્સવમાં સંતો સાથે જોડાઈને સેંકડો હરિભક્તો મન મુકીને રાસ રમ્યા હતા અને ડાયરામાં હાસ્યની છોળોથી તરબોડ થઈને ડાયરાનો અદ્‌ભુત આનંદ સૌએ માણ્યો હતો.

સુવંર્ણજયંતી નિમિત્તે ઉરની ઊર્મિઓને અભિવ્યક્ત કરતું શાળાના શિક્ષકશ્રી દિલિપભાઈ ભટ્ટ દ્વારા રચિત સુંદર ગીતની રજૂઆત સંચાલક સ્વામીશ્રીએ કરીને ઉપસ્થિત લોકોના હૈયામાં ઉમંગ અને ઉત્સાહનું સિંચન કર્યું હતું.

સુવર્ણજયંતી મહોત્સવના કન્વીનર સંત શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ ઉત્સવમાં ઉપસ્થિત રહેવા બદલ આચાર્ય મહારાજશ્રી, સંતવૃંદ, રાજકીય મહાનુભાવો, મહેમાનો, અગ્રણીઓ, પૂર્વ વિદ્યાર્થી આદિનો તેમજ કાર્યક્રમના સાફલ્યાર્થે પ્રત્યક્ષરીતે કે પરોક્ષરીતે સહકાર આપી સહાયરૂપ બનનાર સૌનો આભાર માન્યો હતો.

સભામંડપની બાજુમાં વિદ્યાલયના ભવ્ય ભૂતકાળને જીવંત કરતા ફોટોગ્રાફનું 'ફોટોગેલેરી' પ્રદર્શન, શ્રી રામકૃષ્ણ યુવક મંડળ દ્વારા પુસ્તક પ્રદર્શન, જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા આયુર્વેદિક નિદાન-ઉપચાર તેમજ **ICDS** ઘટક દ્વારા પ્રદર્શન આદિ ગોઠવવામાં આવેલ જેને નિહાળવાનો લાભ ઉપસ્થિત લોકોએ લીધો હતો.

અહેવાલ :- જનકભાઈ ભટ્ટ

સંકલન અને લેખન :- ભરતભાઈ મહેતા

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજિત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ એવમ્ નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન

સં.૨૦૭૧ ફાગણ વદ અમાસ તા. ૨૦-૩-૧૫ શુક્રવારથી ચૈત્ર સુદ ૭ તા. ૨૬-૩-૧૫ ગુરુવાર

## નારાયણ યજ્ઞ

ચૈત્ર સુદ ૮ તા. ૨૭-૩-૧૫ શુક્રવાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની પ્રસન્નતાર્થે આગામી તા. ૨૦-૩-૧૫ થી તા. ૨૭-૩-૧૫ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, કોઈ બ્રહ્મનિષ્ઠ સંતની પુણ્યસ્મૃતિમાં પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

**એક પોથીના રૂા. ૨૧,૦૦૦/-**

**પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે**

**૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે**

**વિષ્ણુયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.**

૧ પોથીના યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે ૧૦ પાસ આપવામાં આવશે.

સંહીતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહી હોય

તેમાં ૨૧ પ્રખર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે

જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો ફોટો તથા સુખડનો હાર લાવી શકાશે, સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.

## કથા સ્થળ

### શ્રી સ્વામિનારાયણ મંદિર

**શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ, ભુજ-કચ્છ. ફોન નં. ૨૫૦૨૩૧/૨૫૦૩૩૧.**

વર્તમાનયુગ હરિફાઈનો યુગ છે. આ હરિફાઈ ભરી જીંદગીમાં લોકો એક બીજાથી આગળ વધવા પોતાની પ્રતિભાનું પ્રદર્શન કરતા હોય છે. આ પ્રતિભા ખેલકૂદ ક્ષેત્રે હોય, વ્યવસાયિક ક્ષેત્રે હોય કે પછી શૈક્ષણિક ક્ષેત્રે હોય. પોતાની અંદર રહેલી શક્તિને નિખારવા લોકો અલગ અલગ સ્પર્ધામાં ભાગ લેતા હોય છે. આવી જ એક સ્પર્ધાનું આયોજન તા. ૧૦-૧-૨૦૧૫ના રોજ મુન્દ્રા મધ્યે કેલોર્ક્ષ પબ્લિક સ્કૂલમાં કરવામાં આવ્યું હતું. અંગ્રેજી માધ્યમની કેલોર્ક્ષ પબ્લિક સ્કૂલની ઈન્ટર સ્કૂલ કોમ્પિટીશનમાં કચ્છ જિલ્લાની અલગ અલગ C.B.S.E. સ્કૂલોએ ભાગ લીધો હતો. જેમાંની એક નારણપરની શ્રી ઘનશ્યામ એકેડેમી (C.B.S.E.) સ્કૂલ પણ હતી. આ સ્પર્ધામાં અલગ અલગ છ સ્પર્ધાઓ હતી. જેમાં માઈમ, સોલો ડાન્સ, પોસ્ટર મેકીંગ, સાયન્સ મોડલ મેકીંગ, એડવર્ટાઈઝમેન્ટ મેકીંગ અને એક્શન રાઈમ્સનો સમાવેશ થાય છે. માઈમમાં પિંડોરીયા સંજય, દબાસીયા ઘનશ્યામ, વરસાણી જયેશ, હિરાણી ઘનશ્યામ, હિરાણી ધૈર્ય, વેકરીયા દિનેશ, ત્રિવેદી આસ્થા અને કેરાઈ અવંતિકાએ ભાગ લઈ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. સોલો ડાન્સમાં કેરાઈ વિલાશ તથા વેકરીયા ઘનશ્યામે બીજો નંબર પ્રાપ્ત કર્યો હતો. પોસ્ટર મેકીંગમાં કેરાઈ સુમિતે ત્રીજો નંબર પ્રાપ્ત કર્યો હતો. વરસાણી મોહિતે સાયન્સ મોડલ મેકીંગ સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી શાળાનું નામ રોશન કર્યું હતું. એડવર્ટાઈઝ મેકીંગમાં કેરાઈ નીતીનનો બીજો નંબર તથા એક્શન રાઈમ્સમાં પારસીયા સાક્ષીનો ત્રીજો નંબર આવ્યો હતો. શ્રી ઘનશ્યામ એકેડેમીના પ્રિન્સિપાલશ્રી જીતેન્દ્ર ખેમચંદ, શાળાના શિક્ષકશ્રી નિરજ શેઠીયા અને શિક્ષિકા કુ. ખુશાલી કતિરાના માર્ગદર્શન હેઠડ શાળાના ૧૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ઈન્ટરસ્કૂલ કોમ્પિટીશનમાં શ્રી ઘનશ્યામ એકેડેમીએ ઓલ ઓવર બીજો નંબર પ્રાપ્ત કર્યો હતો. જે બાદલ શાળાના સંચાલક સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી તથા શાળાના ટ્રસ્ટીગણે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડેમી - નારણપરના વાર્ષિકોત્સવ 'જીવનદીપ'ની ઉજવણી :

તા. ૩-૧-૨૦૧૪ શનિવારના રોજ શ્રી ઘનશ્યામ એકેડેમી (C.B.S.E.) નારણપર શાળામાં વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં અભ્યાસ કરતા નાના નાના ભુલકાઓથી માંડી ધોરણ ૧૦ સુધીના લગભગ ૩૦૦ બાળકોએ આ કાર્યક્રમમાં હોંશભેર ભાગ લીધો હતો. આ ઝગમગાતી સંધ્યાને નિહાળવા તથા બાળકોનો ઉત્સાહ વધારવા આસપાસના ગામજનો તથા વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના અતિથિ વિશેષ પદે કચ્છ સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા હતા પરંતુ અનિવાર્ય સંજોગોએ તેઓ હાજર રહી શક્યા ન હતા અને તેઓ આ પ્રસંગે શુભેચ્છાપત્ર પાઠવ્યો હતો. ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરેથી કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સંતમંડળ પધારી કાર્યક્રમને શોભાવ્યો હતો. વાર્ષિકોત્સવના મુખ્યદાતાશ્રી પ.ભ. કુંવરજી અરજણ કેરાઈ - નારણપર(લંડન) તથા પ.ભ.

રામજી દેવજી વેકરીયા - નારણપર (એલ્ડોરેટ) રહ્યા હતા. સંચાલક સંતમંડળ, પધારેલ સંતો, દાતાશ્રીઓ, ટ્રસ્ટીમંડળ તથા આચાર્યશ્રીના વરદ્ હસ્તે દીપપ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. રાજ્ય અને જિલ્લા કક્ષાએ ખ્યાતિ પામેલ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળા પરિવારની દશ વર્ષની ગતિવિધિ દર્શાવતી પુસ્તિકા 'કલ્પવૃક્ષ'નું વિમોચન મુખ્ય અતિથિઓ, સંતો તથા ટ્રસ્ટીઓના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

આ વાર્ષિકોત્સવમાં કાશ્મીરી નૃત્ય, બાંબુ ડાન્સ, રાજસ્થાની નૃત્ય, પંજાબી નૃત્ય, સમૂહગીત, અંગ્રેજી તથા હિન્દી નાટક અને ભક્તિગીત રજૂ થયા હતા. બાળકોએ ભારતના અલગ અલગ પ્રાન્તની ઝાંખી દર્શાવતી કૃતિઓ રજૂ કરી લોકોને મંત્રમુગ્ધ કરી મુક્યા હતા. બાળકોની કળા નિહાળી દાતાશ્રીઓએ દાનની સરવાણી વહેવડાવીને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

શાળા સંચાલક સંતમંડળના સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી અને ટ્રસ્ટીઓ આશીર્વાદ તથા શાળાના આચાર્યશ્રી જીતેન્દ્ર ખેમચંદજીના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષકગણ તથા બાળકોના ઉત્સાહથી આ ઉત્સવ સોનેરી સપના જેવો સફળ રહ્યો હતો.

અહેવાલ :- આચાર્યશ્રી

## વસંતપંચમી - મિરજાપર

શ્રીજી મહારાજ મુમુક્ષુ જનો માટે પીઠ સ્થાન શ્રી વૃત્તાલય મધ્યે સર્વ શાસ્ત્ર શિરોમણી શિક્ષાપત્રી સ્વહસ્તે લખીને અક્ષરવાટ વહેતી કરી દીધી. પ્રભુ સ્વયં આ મહાન ગ્રંથરાજ શિક્ષાપત્રીને પોતાના સ્વરૂપ તરીકે માન્યતા આપી છે. શિક્ષાપત્રીનો મહિમા અપરંપાર છે. અને માનવમાત્ર માટે સાચી વિશલ્યકરણી અમર ઔષધી છે. જેમ શ્રીજી મહારાજ અનેક ધર્મ શાસ્ત્રોરૂપી પુષ્પોમાંથી સાર ગ્રહણ કરી આ શિક્ષાપત્રીમાં એકત્રિત કરેલો છે. આ સર્વ શિરોમાન્ય ગ્રંથ રાજ આપણે સમર્પિત કરેલો છે. આ સર્વ શિરોમાન્ય ગ્રંથરાજ આપણે સમર્પિત કરેલો છે. જેની પૂજા કરવાથી સ્વયં શ્રીજી મહારાજનું પૂજન કરવાનું ફળ પ્રાપ્ત થાય છે. આ મહત્ત્વ જાણીને તા. ૨૪-૧-૨૦૧૫ના શનિવારના વસંતપંચમીના દિવસે ગામ શ્રી મિરજાપર મધ્યે આ ઉત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. તેમાં સાં.યો. દેવબાઈ ફઈ, શિષ્ય મહંત સાં.યો. શ્યામબાઈ અરજણ હિરાણી તેમના શિષ્ય ધનબાઈ ફઈ આદિક સાં.યો. બાઈઓની પ્રેરણાથી મિરજાપરમાં કુલ ૫૦ આંબા શ્રી નરનારાયણદેવ યુવતી મંડળની યુવતીઓ દ્વારા વસંતપંચમીના આંબા રોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. મિરજાપરના બસ સ્ટેન્ડથી કરીને શ્રી સ્વામિનારાયણ બાઈઓના મંદિર સુધી વાજતે-ગાજતે સામૈયુ લઈને યુવતીઓ હરખભેર કીર્તન ગાતા ગાતા ધામધૂમથી મંદિરે પહોચ્યા. ત્યાં એક એક આંબાને વધાવી સાં.યો. બાઈઓ દ્વારા પૂજન કરી આરતી ઉતારવામાં આવી હતી. આમ આવી રીતે કાંઈક અનોખી રીતે જ આ ઉત્સવોની ઉજવણી કરી અને યુવતીઓ પ્રેમથી આ ઉત્સવનો આનંદ માણ્યો હતો.

અહેવાલ :- દયા અરવિંદ હિરાણી, મિરજાપર

# માંડવી શ્રી સ્વામિનારાયણ મંદિરે પંચાહ્ન પારાયણ

પવિત્ર ધનુર્માસનો મહિમા આપણા દરેક શાસ્ત્રોમાં જોવા મળે છે આ માસ દરમિયાન ધૂન કીર્તન, કથાપારાયણ, દાન, પુણ્ય, જે કાંઈ શુભ કર્મ કરે તેનું અનંત ગણુ ફળ મળેછે. ધનુર્માસ દરમિયાન શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવીમાં તા.૦૨/૦૧/૨૦૧૫ના રોજ મુક્તરાજ સદ્. સ્વામી ભૂમાનંદ સ્વામી વિરચિત ભગવાન શ્રી ઘનશ્યામ મહારાજના છપૈયા તેમજ અયોધ્યાની બાળલીલાઓથી ભરપુર એવા શ્રી ઘનશ્યામ બાલચરિત્રની પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પુરાણી સ્વામી દેવવિહારીદાસજી, પુરાણી સ્વામી રામાનુજદાસજી, પુરાણી સ્વામી સર્વમંગલદાસજી, તથા સ્વામી રાઘવમુનિદાસજીએ મધુર કંઠે પોતાની આગવી શૈલીમાં હરિભક્તોને કથા સંભળાવીને ભાવવિભોર કર્યા હતા. આ કથામાં પ.ભ. અ.નિ. મૂર્તિબેન કલ્યાણ રાબડીયા તથા હસ્તિબેન, તથા ઋત્વીબેન વાલજી રાબડીયા આદી પરીવાર યજમાન પદે રહીને સંતોના આશીર્વાદ તેમજ હરિભક્તોની પ્રસન્નતા મેળવી હતી. ત્યાર પછી તા.૧૦/૦૧/૨૦૧૫ના રોજ બન્ને મંદિરોમાં, સ્વામિનારાયણ ભગવાને જેની વચનામૃતમાં ખૂબ પ્રશંસા કરીછે, તેમજ આ સંપ્રદાયનું મૂળ કહેલું છે એવા ભગવાન વેદવ્યાસજી રચિત શ્રી વાસુદેવમાહાત્મ્યશાસ્ત્રની પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પુરાણી સ્વામી દેવવિહારીદાસજી વક્તા પદે રહીને સરળતાથી સમજાવી અને હરિભક્તોને આનંદિત કર્યા હતા.આ કથામાં પ.ભ. નાનજીભાઈ કરશન કેરાઈ સુત રવજી, વિરજી, કુંવરજી આદી પરિવાર યજમાન પદે રહીને સંતોના આશીર્વાદ તેમજ હરિભક્તોની પ્રસન્નતા મેળવી હતી.

ત્યારપછી તા.૧૬/૦૧/૨૦૧૫ના રોજ સ્વામિનારાયણ ભગવાના ચરિત્રોથી ભરપૂર સદ.વાસુદેવાનંદ બ્રહ્મચારી વિરચિત શ્રી સત્સંગિભૂષણશાસ્ત્રની પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પુરાણી સ્વામી દેવવિહારીદાસજી સ્વામી વક્તાપદે રહીને પોતાની મધુરવાણીમાં ભગવાનના દિવ્ય, કલ્યાણકારી ચરિત્રો સંભળાવી અને હરિભક્તોને આનંદિત કર્યા હતા.આ કથામાં પ.ભ વાલજીભાઈ રામજી રાબડીયા અ.નિ ધ.પ રતનબેન તથા ધ.પ. શામબાઈ સુત રવજી,ખીમજી,ભીમજી,રામજી,મનજી,માવજી,મહેશ આદી પરિવાર યજમાન પદે રહીને સંતોના આશીર્વાદ તેમજ હરિભક્તોની પ્રસન્નતા મેળવી હતી. ત્યાર પછી તા.૧૭/૦૧/૨૦૧૫ના પવિત્ર એકાદશીના દિવસે શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી મંદિરમાં રહેલ શ્રીજીમહારાજની પ્રસાદીની અમૂલ્ય વસ્તુઓનું સંભારણું કાયમ રહે એ માટે મંદિરના પટાંગણમાં ભુજમંદિરના મહંતસ્વામીની આજ્ઞાથી શ્રી અક્ષરભુવનનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હતું. જેમાં માંડવી મંદિરના મહંત સદ્.પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી તથા વડીલ સંત સદ્.સ્વામી મુકુન્દજીવનદાસજી આદી મંડળના નાના મોટા સંતો તથા ભુજમંદિરના સંતો સદ્. પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પુરાણી ભગવદ્જીવનદાસજી આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગના યજમાન પદે માંડવી બહેનોના મંદિરના મહંત સાં.યો. રતનબાઈ તથા કાનબાઈ આદિ સમસ્ત સાં.યો. બહેનો રહ્યાં હતાં

અહેવાલ :- સાધુ વિવેકમુનિદાસજી

# શ્રી ઘનશ્યામ ગૌશાળાનું ઉદ્‌ઘાટન - અંજાર

ભારતીય સંસ્કૃતિમાં ''ગૌમાતા'' અનેરું મહત્ત્વ ધરાવે છે. ગૌ માતા જ સર્વેપ્રાણીઓની શ્રેષ્ઠ શરણ છે. ગાય જગતની માતા છે. પોષક છે. અને ગૌમાતા સર્વેપ્રકારના સુખને આપનારી છે. એવી ગાયો માટે અંજાર મંદિરની વાડીએ ''શ્રી ઘનશ્યામ ગૌશાળા'' નવી બંધાયેલ ગૌશાળાનું ઉદ્‌ઘાટન તા. ૧૬-૧-૧૫ શુક્રવારે થયું.

આ પ્રસંગે કથાના વક્તા શાસ્ત્રી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ પુરાણોક્ત ધર્મશાસ્ત્રમાં ગાયનું મહત્ત્વ, ગૌસેવા તેમજ ગાયમાંથી મળતાં પાંચ દ્રવ્યપદાર્થ અને તેનું સામાાજીક રીતે અને ધાર્મિક રીતે ઉપયોગિતા તથા તેના દ્વારા થતાં ફાયદા વર્ણવ્યા. જાણે ગૌ માનસ કથા થતી હોય તેવું લાગ્યું.

ગૌશાળા ઉદ્‌ઘાટન પ્રસંગે અતિથિ વિશેષ તરીકે શ્રી ઘનશ્યામભાઈ સીતાપરા ગુજરાત પ્રાંતના ગૌસેવા પ્રમુખ અમદાવાદથી પધારેલ અને પોતાના વક્તવ્યમાં દેશી ગાયનું મહત્ત્વ, ગાય રાખવાના ફાયદા, દૂધની મહત્તા, દૂધ એ સંપૂર્ણ ખોરાક હોવાથી જન્મથી મૃત્યુ પર્યંત ઉપયોગ તથા દૂધ એ પૃથ્વી પરનું અમૃત છે. આજની જીવવાની પધ્ધતિમાં થતાં રોગો, હાઈ બી.પી., લો.બી.પી. તેમજ ડાયાબિટીશ જેવા રાજરોગને કંટ્રોલ કરવાની શક્તિ ગૌસેવા કરવામાં છે.

તો આવી પવિત્ર પરોપકારી ગૌમાતાના નિવાસ સ્થાન ''શ્રી ઘનશ્યામ ગૌશાળા''ના ઉદ્‌ઘાટન પ્રસંગે ભુજ મંદિરના વડીલ સંત પૂ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ્વામી સનાતનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા અંજાર મંડળના મંડલેશ્વર સ.ગુ. સ્વામી ધર્મપ્રસાદદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી ભગવતજીવનદાસજી, માંડવીથી પૂ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ્વામી સુવ્રતમુનિદાસજી, ગાંધીધામ ગુરુકુળથી સ્વામી મુક્તવલ્લભદાસજી, સ્વામી સંતજીવનદાસજી તથા નાના મોટા આદિ સંતો પધારેલ હતા.

આ કાર્યક્રમમાં અંજાર શ્રી સચ્ચિદાનંદ મંદિરના મહંત શ્રી ત્રિકમદાસજી મહારાજ તેમજ અંજાર આડા સમિતિના ચેરમેન શ્રી નીરવભાઈ ભારદીયા તેમજ પટેલ ચોવીસી ગામોથી પધારેલ હરિભક્તો અને અંજાર શહેર વિસ્તાર, નાગલપર વાડી વિસ્તાર તેમજ બેન્સા વિસ્તારના હજારો ભાઈબહેનો પધારેલ હતા.

''શ્રી ઘનશ્યામ ગૌશાળા'' નું ઉદ્‌ઘાટન વડીલ સંતો સાથે ઉદ્‌ઘાટનના દાતા શ્રી રામજી દેવરાજ હિરાણી, ભક્તિનગર તથા જમાઈ કાંતિલાલ કરશન ભુડીયા, ફોટડીવાળા સાથે રહીને કર્યું હતું.

ગૌશાળા બાંધકામમાં થોડી આધુનિકતા કે ગાયોના દરેક ખીલે પીવાના પાણી કુંડમાં ઓટોમેટીક આવી જાય અને છલકાય પણ નહિ. અને પાણી પીવા છતાંય કુંડી ખાલી થાય નહિ એવી ગૌશાળા ગમાણ તેમજ ચારો રાખવાનો મોટો હોલ બાંધવામાં આવેલ છે. તેની સંપૂર્ણ દેખરેખમાં સ્વામી અદ્‌ભુતચરણદાસજી, સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી તેમજ હરિભક્ત શામજી હીરજી કેરાઈ અને મેઘજી રવજી હિરાણીનો સિંહફાળો રહ્યો હતો. સંમગ્ર કાર્યક્રમનું સંચાલન શાસ્ત્રી સ્વામી દેવચરણદાજીએ કર્યું હતું.

આ પ્રસંગે અંજાર મંદિરના મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, પુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ્વામી ભકિતવિહારીદાસજી, સ્વામી અદ્‌ભુતચરણદાસજી, સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સ્વામી નિર્ભયજીવનદાસજી, સ્વામી સત્યજીવનદાસજી, સ્વામી દિવ્યપ્રસાદદાસજી, સ્વામી વ્રજવિહારીદાસજીનો સહયોગ રહ્યો હતો.

અહેવાલ :- રમણીક વી. સોલંકી, અંજાર

# શ્રી સ્વામિનારાયણ મંદિરે પંચાહ્ન પારાયણ, સુખપર

શ્રી સ્વામિનારાયણ મંદિર, સુખપર મધ્યે તા. ૯-૧-૧૫ થી તા. ૧૦-૧-૧૫ સુધી પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતુ. કથાના વક્તાપદે સ્વામી શ્યામકૃષ્ણદાસજી અને સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી રહી સુંદર શૈલીમાં 'વચનામૃત' કથાનું રસપાન કરાવ્યું હતું. આ કથામાં ભુજ મંદિરેથી સંતો પધારીને યજમાન પરિવારને આશીર્વાદ પાઠવ્યા હતા. સ્વામી જયકૃષ્ણદાસજી, સ્વામી સ્વયંપ્રકાશદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી, સ્વામી જયહરિદાસજી, સ્વામી બાલમુકુન્દદાસજી કથામાં ઉપસ્થિત રહીને હરિભક્તોને રાજી કર્યા હતા. આ કથામાં સુખપર, મદનપુર તેમજ નરનારાયણ નગરના હરિભક્તો, યુવાનો હાજર રહીને કથાનું રસપાન કરેલ હતું. આ કથામાં તા. ૮-૧-૧૫ના રોજ એક રાત્રી વિશેષ સભાનું આયોજન કરવામાં આવેલ હતું. તેમાં પધારેલ સંતો, યુવાનો, વડીલો, બાળકો ઉપસ્થિત રહી કથાને શોભાવી હતી. અને બહેનોના મંદિરમાં ટી.વી. દ્વારા લાઈવ પ્રસારણ કરીને બહેનોએ પણ લાભ લીધો હતો. આ રાત્રી સભામાં સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ "મહારાજનો આશરો" એ વિષય પર વિશેષ સમજણ આપી હતી. કથા વિરામબાદ ભોજનપ્રસાદ લઈ હરિભક્તો છૂટા પડ્યા હતા. આ કથાના યજમાનપદે પ.ભ. પ્રેમજી કરસન વેકરીયાની પુષ્ણસ્મૃતિમાં હસ્તે લખીબાઈ પ્રેમજી વેકરીયા સહપરિવાર રહ્યા હતા. આ કથામાં સભાસંચાલક સ્વામી મહાપુરુષદાજી રહ્યા હતા. કથાના છેલ્લા દિવસે સુખપર,મદનપુર, નરનારાયણનગરના સર્વે હરભક્તો ભોજનપ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

નાગથળા - શાકોત્સવ : તા. ૮-૧-૧૫ના રોજ શ્રી સુખપર મધ્યે આવેલ પ્રસાદીનું સ્થળ એવું શ્રી નાગથળા ડુંગર મધ્યે ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું. તેમાં ભુજ મંદિર, પ્રસાદી મંદિર, અંજાર, માંડવી મંદિરેથી સંતો પધારી આ ભવ્ય શાકોત્સવનો લાભ લીધેલ હતો. આ પ્રસંગે સુખપર, માનકુવા તેમજ આજુબાજુના સર્વે હરિભક્તો પધારી કથાનુ રસપાન કરેલ. આ પ્રસંગે સ્વામી શ્યામકૃષ્ણદાસજી વક્તાપદે વિરાજમાન થઈને બાળલીલા તેમજ હરિસ્મૃતિ ગ્રંથનું વિશેષ રસપાન કરાવ્યું હતું. આ પ્રસંગે સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી મહાપુરુષદાસજી, સ્વામી જયકૃષ્ણદાસજી આદિ વડીલ સંતો પધારેલ સર્વે ભાઈઓ-બહેનો હરિભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા. આ શાકોત્સવના યજમાનપદે સુખપર મંદિરના મહંત સાં.યો. વેલીબાઈ હરજી હિરાણી હસ્તે પ.ભ. રવજી હરજી હિરાણી રહ્યા હતા. સભાસંચાલન સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ કર્યું હતું. પધારેલ સર્વે સંતોએ હનુમાનજીની આરતી ઉતારી અને ત્યાં જ પ્રસાદ લીધો હતો. આ પ્રસંગે પધારેલ સર્વે હરિભક્તો ભાઈઓ-બહેનોએ ભોજનપ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

અહેવાલ :- કિશોર પિંડોરીયા, સુખપર

# વાગડમાં ધનૂર્માસની ઉજવણી

પવિત્ર ધનુર્માસ એટલે ભગવાનના નામમંત્રની ધૂન કરવાનો અદ્‌ભુત સમય. આ પવિત્ર ધનુર્માસ દરમિયાન વાગડ વિસ્તારમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ તથા શ્રીસ્વામિનારાયણ મંદિર રાપર, નવાપરા, કલ્યાણપર, સંગ્રામસર, સેલારી, ઉમૈયા, પદમપર, અને પલાંસવામાં ધૂન કરવામાં આવી હતી. ધૂનમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળથી શા.સ્વામી વિજ્ઞાનસ્વરૂપ દાસજી, શા. કે.પી. સ્વામી નૌતમમુનિ દાસજી તથા ભક્તિવેદાંત સ્વામી આદી સંતો અલગ અલગ મંદિરોમાં જઈને ધૂન કરાવી હતી. તેમજ ભુજમંદિરથી મહંત સ્વામી પુ.ધર્મનંદનદાસજીની આજ્ઞાથી હિમ જેવી ઠંડીમાં ગરીબોને વસ્ત્રો અને ધાબડાઓનું વિતરણ કરવા માટે પુરાણી સ્વામી સરયુદાસજી, પુરાણી સ્વામી ભક્તિચરણદાસજી, તથા સ્વામી ધર્મસ્વરૂપદાસજી પધાર્યા હતા.તથા માંડવી મંદિરથી મહંત પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી તથા રાઘવમુનિદાસજી પધાર્યા હતા. અને તેમણે પણ ધનુર્માસ દરમિયાન ધૂનનો લાભ લીધો હતો.

તેમજ ધનુર્માસ દરમિયાન તા. ૧૩/૦૧/૨૦૧૫ના શુભ દિવસે શ્રી સ્વામિનારાયણ મંદિર સેલારીમાં શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભુજ મંદિરથી પુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ્વામી ત્યાગવલ્લભદાસજી, સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, સ્વામી અક્ષરવલ્લભદાસજી, તથા રાપર મંદિરથી કે.પી. સ્વામી તથા

ભક્તિવેદાંતસ્વામી, તથા ગુરુકુળથી શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી નૌતમમુનિદાસજી પધાર્યા હતા. જેસા લીરા રાવરીયા આદી પરીવારે યજમાન પદે રહીને શાકોત્સવનો લાભ લીધો. પુ.શા. સ્વામી વિજ્ઞાનસ્વરુપદાસજી તથા પુ. કે.પી સ્વામીએ હરિભક્તોને આશીર્વાદ આપ્યા હતા.

તેમજ તા.૧૪/૦૧/૨૦૧૫ ના શુભ દિવસે શ્રી સ્વામિનારાયણ મંદિર રાપરમાં શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાપરના મંદિરનું બાંધકામ સંભાળી રહ્યા છે એવા કે.પી. સ્વામી તથા ભક્તિવેદાંત સ્વામી, તથા ગુરુકુળથી શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી નૌતમમુનિદાસજી પધાર્યા હતા.ઘનશ્યામભાઈ દેવા મુંઝાત આદી પરીવારે યજમાન પદે રહીને શાકોત્સવનો લાભ લીધો. પુરાણી ભક્તિવેદાંત સ્વામીએ શ્રી હરિસ્મૃતિની પારાયણ કરીને હરિભક્તોને ભાવવિભોર કર્યા હતા. તથા નૌતમમુનિદાસજીએ પણ પ્રવચનનો લાભ આપ્યો હતો. પુ.શા.સ્વામી વિજ્ઞાનસ્વરુપદાસજી તથા પુ. કે.પી સ્વામીએ હરિભકતોને શ્રી નરનારાયણદેવમાં નિષ્ઠા રાખવાની ભલામણ કરી હતી તથા શાકોત્સવના યજમાનને આશીર્વાદ આપ્યા હતા.

અહેવાલ :- સાધુ વિવેકમુનિદાસજી

## પ્રભાતફેરી - શ્રી સ્વામિનારાયણ મંદિર બળદિયા( ઉ.વા.)

કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો દ્વારા ધનુર્માસની પૂર્ણાહુતિ નિમિત્તે તા. ૧૪-૧-૧૫ મકરસક્રાંતિના રોજ પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં યુવાનો, યુવતીઓ, વડીલો, બાળકો અને નાના મોટા સૌ હરિભક્તો ઉત્સાહભેર ભાગ લીધો હતો. અને અંતે પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

અહેવાલ :- જીતેન જેસાણી , બળદીયા(ઉ.વા.)

## ગાંધીધામ ગુરુકુલમાં ઉજવાયો શાકોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંજિર ભુજ સંચાલિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ(અંગ્રેજી માધ્યમ) ગાંધીધામમાં ધામધૂમથી શાકોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

આજ રોજ તા. ૧૮-૧-૧૫ રવિવારના રોજ ગુરુકુલ ખાતે શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભુજ મંદિરથી સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી, સ.ગુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજી, પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી આદિ ૨૫ સંતો પધાર્યા હતા. તેમજ ગુરુકુલના સંચાલક પુરાણી સ્વામી મુક્તવલ્લભદાસજી, સ્વામી સંતજીવનદાસજી આદિ સંચાલક સંતોની હાજરીમાં સવારે ૯ કલાકે કથાનો પ્રારંભ થયો હતો. વકતા પુરાણી સ્વામી ભક્તવત્સલદાસજીએ લોયાના શાકોત્સવનું વર્ણન કરીને આ ઉત્સવનો મહિમા કહ્યો હતો. ત્યારપછી ઉપસ્થિત સર્વે સંતોનું ફુલહારથી ગુરુકુલમાં રહેતા વિદ્યાર્થીઓએ સ્વાગત કર્યું હતું. ત્યારબાદ પુરાણી સ્વામી મહાપુરુષદાસજી તથા પુરાણી સ્વામી લક્ષ્મીપ્રલાદદાસજીએ પોતાના વક્તવ્યમાં શ્રીજી મહારાજની આ અલૌકિક શાકોત્સવની પરંપરાને સેવા અને ભક્તિનું રૂપ બતાવીને વિદ્યાર્થીઓ તેમજ ઉત્સવના યજમાનશ્રીઓ અને પધારેલ સર્વે સત્સંગી હરિભક્તોને આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ સ.ગુ, સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ આશીર્વાદ આપતાં કહ્યું હતું, કે આ સંપ્રદાય સેવા, દાન, ભક્તિ તેમજ સમર્પણનો છે તેથી હરિભક્તો આવા ઉત્સવોમાં સેવા કરીને શ્રીજી મહારાજને રાજી કરે છે.

ત્યારપછી વડીલ સંતો, ગુરુકુલના સંચાલક સંતો, વિદ્યાર્થીઓ તેમજ ઉત્સવના યજમાનશ્રી પ.ભ. મેમાભાઈ દેવજી ગોગરા પુત્ર શંભુભાઈ તથા ભરતભાઈ આદિ સહપરિવાર ગામ ભીમાસરની ઉપસ્થિતિમાં શાકનો વઘાર આપવામાં આવ્યો હતો.

ત્યારપછી ગાંધીધામ શહેરની સત્સંગ મહિલા મંડળના બહેનોએ વહેલી સવારથી તૈયાર કરેલ બાજરાના રોટલા અને વૈતાકનું શાકનો પ્રસાદ સૌ હરિભક્તોએ લીધો હતો.

આ પ્રસંગે ગુરુકુલનું પ્રાર્થના મંદિર હજારો બલુનથી શણગારવામાં આવ્યું હતું. તેમાં વિદ્યાર્થીઓએ સેવા આપી હતી.

સમગ્ર સભાનું સંચાલન સ્વામી ઉત્તમચરણદાસજી તથા પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ કર્યું હતું.

અહેવાલ :- સ્વામી સંતજીવનદાસજી

## પંચાહ્ન પારાયણ - ભક્તિનગર

માનકુવા ભક્તિનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સત્સંગિજીવન પંચાહ્ન પારાયણ અંતર્ગત તા. ૧૧-૧-૧૫ થી તા. ૧૫-૧-૧૫ અ.નિ. લાલજી કુંવરજી હિરાણી, ગં.સ્વ. ધ.પ. વાલબાઈ પરિવાર તરફથી કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. કથાના બીજા દિવસે રાત્રે વિશેષ સભાનું આયોજન કરેલ. જેના વક્તાપદે સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી રહ્યા હતા. તેમજ સભા સંચાલક સ્વામી હરિમુકુન્દદાસજી રહ્યા હતા. સ્વામી મહાપુરુષદાસજી, સ્વામી જયકૃષ્ણદાસજી યુવાનોને ખાસ ટકોર કરી હતી. સભા અંતર્ગત બહેનોને વિશેષ નિયમ લીધેલ. સાં.યો. નાનબાઈ ફઈ યુવક મંડળને ચા ન પીવી, આઈસ્ક્રીમ ન ખાવી વગેરે એવા વિશેષ નિયમ આપેલ. ભક્તિનગર મંદિરમાં વૃધ્ધમંડળ, મહિલામંડળ, તેમજ યુવતી મંડળ એમ ત્રણ મંડળ ચાલે છે. સાં.યો. બાઈઓ ખૂબ ખૂબ સત્સંગ કરાવે છે.

અહેવાલ :- જોધાણી રમીલા દેવજી, ભક્તિનગર માનકુવા

## મુંબઇ વિસ્તારમાં વિવિધ સ્થળે શાકોત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણ લોયામાં સુરાખાચરના દરવારમાં શાકોત્સવ કરી સંપ્રદાયને એક એનોખા ઉત્સવની ભેટ આપી છે. તે ઉત્સવની અખંડ સ્મૃતિ રહે એ હેતુથી આજે પણ અનેક જગ્યાએ શાકોત્સવો થાય છે અને થતા રહેશે.

આવા શાકોત્સવની સ્મૃતિ રહે એ હેતુથી શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતી ભુવન વિલે પાર્લે મુંબઇને આંગણે ભવ્ય શાકોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં પુ.સ્વામી વ્યાસમુનીદાસજીએ કથાનું રસપાન કરાવ્યું હતું. કથાની સાથે જ સંતો અને યજમનાશ્રીના હસ્તે વૈંતાકના શાકનો વઘાર આપવામાં આવ્યો હતો. અંતે સભામાં વિશ્રાંતી ભુવનના મહંત સ્વામી શા.સ્વામી નારાયણમુની દાસજીએ આશીર્વાદ આપ્યા હતા અને ગવૈયા સ્વામી ભજનપ્રકાશદાસજીએ કીર્તન ધૂનની રમઝટ જમાવી ભક્તોને આનંદીત કર્યા હતા. કથા બાદ સર્વેભક્તોએ મહાપ્રસાદ લઇ ઉત્સવની સમાપ્તી કરી હતી

તેવીજ રીતે શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળ પવઇ દ્વારા તે વિસ્તારમાં તા.૧૦-૧-૨૦૧૫ શનિવારના શાકોત્સવ ઉજવવામાં આવ્યો હતો જેમાં શા.સ્વામી નારાયણમુનીદાસજીએ કથાનું રસપાન કરાવ્યું હતું. સદ્.સ્વામી બાલકૃષ્ણદાસજીએ સભામાં દર્શન આપી હરિભક્તોને આશીર્વાદ આપ્યા હતા.

તા. ૧૧-૧-૨૦૧૫ રવિવારના સદ્, સ્વામી બાલકૃષ્ણદાસજીના આશીર્વાદથી થાણા ઘોડબંદરને આંગણે તે વિસ્તારના હરિભક્તો દ્વારા દિવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વામી રાઘવમુનીદાસજીએ કથાનું રસપાન કરાવ્યુ હતું. સ્વામી ભક્તિકિશોરદાસજી તથા સ્વામી વેદપ્રકાશદાસજી આદી સંતોએ હાજરી આપી હતી.

ત્યાર પછી કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળ ખાંધાકોલોની તથા પનવેલ ન્યુ મુંબઇના હરિભક્તોએ મળીને તા,૧૩-૧-૨૦૧૫ મંગળવારના શાકોત્સવનું આયોજન કરેલું હતું. કથાવાર્તા કરી સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીએ સભામાં હરિભક્તોને રૂણા આશીર્વાદ આપ્યા હતા.

દરેક જગ્યાએ ગવૈયા સ્વામી ભજનપ્રકાશદાસજીએ કિર્તન-ધૂન રમઝટ કરાવી હતી. શા.સ્વામી સંતસ્વરૂપદાસજીએ સભા સંચાલન કર્યું હતું.

## ધનુર્માસ - વિલે પાર્લે મુંબઇ

દેવનું બ્રહ્મમૂહુર્ત-પ્રાતઃકાળ એટલે આપણો ધનુર્માસનો એક મહિનો તેથી દરેક જગ્યાએ વહેલી સવારે એક મહિના સુધી ધૂન કરવામાં આવે છે. તે પરંપરા અનુસાર તા.૧૭-૧૨-૨૦૧૪ થી તા,૧૭-૧-૨૦૧૫ સુધી શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન વિલે પાર્લે મુંબઇને આંગણે સવારે ૬ થી ૭-૩૦ ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં દર રવિવારે પ્રભાત ફેરી પણ રાખવામાં આવી હતી અને પોષ સુદ ૧૧ એકાદશી તા,૧-૧-૨૦૧૫ના ગુરુવારે પ.પૂ મોટા મહારાજશ્રીએ ચાલતી ધૂનમાં દર્શન આપી આશીર્વચન પાઠવ્યા હતા. ગવૈયા સ્વામી ભજનપ્રકાશદાસજીએ દરરોજ ધૂન બોલાવી રમઝટ જમાવી હતી. દરરોજ વિવિધ પ્રસાદ આપવામાં આવ્યો હતો. મકરસંક્રાંતીના દિવસે મહાઆરતી કરવામાં આવી હતી અને કંથકોટના હરિભકતો દ્વારા દરેક ભક્તોને સ્ટીલની ટબુડી આપવામાં આવી હતી. તા.૧૮-૧-૨૦૧૫ રવિવારના ધનુર્માસ ધૂનના ઉદ્યાપન નિમિત્તે સાંજે ધૂન-સત્સંગ સભા સહ રસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સભાને અંતે વિશ્રાંતી ભુવનના મહંત શા.સ્વામી નારાયણમુનીદાસજીએ ઉદ્યાપન મહોત્સવના યજમાન ઘનશ્યામભાઇ પુંજા નીશર પરિવારને આશીર્વાદ આપ્યા હતા.

અહેવાલ : સ્વામી સંતસ્વરૂપદાસજી

## માંડવી શ્રી સ્વામિનારાયણ મંદિરે ધનુર્માસ ધૂન અને શાકોત્સવની ઉજવણી

જે સ્વામિનારાયણ નામ લેશે તેના બધા પાતક બાળી દેશે,
છે નામ મારા શ્રૃતિમાં અનેક સર્વોપરી આજ ગણાય એક.

પવિત્ર ધનુર્માસ એટલે ભગવાનના નામમંત્રની ધૂન કરવાનો અદભૂત સમય.આ પવિત્ર ધનુર્માસ દરમિયાન ભગવાન સ્વામિનારાયણના નામની આપણા દરેક શ્રીસ્વામિનારાયણ મંદિરોમાં ધૂન થાયછે. તે જ રીતે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવીમાં વિશેષ રૂપથી ધૂન કરવામાં આવી હતી. શ્રી સહજાનંદ સભામંડપમાં માંડવીના ચારેય કાંધાના કચ્છ શ્રી નરનારાયણદેવ યુવકમંડળના યુવાનો વહેલા ઊઠી વારાફરતી આવીને સૌ હરિભક્તોને સંગીત ઓરકેસ્ટ્રા બેન્ડપાર્ટીના સથવારે રાસ રમાડ્યા હતા. તેમજ સ્વામી રામાનુજદાસજી અને સ્વામી સર્વમંગલદાસજીએ ધનુર્માસ દરમિયાન વિવિધ શણગાર કરીને વૃન્દાવનવિહારી શ્રી હરિકૃષ્ણમહારાજ ઘનશ્યામ મહારાજ તથા સંતો તથા હરિભક્તોને આનંદિત કર્યા હતા. સ્વામી રામપ્રિયદાસજી તથા સુવ્રતમુનિદાસજી પાકશાળામાં રહીને ૯૦૦૦ કિલો અડદીયાનો પ્રસાદ બનાવીને આ ધનુર્માસ દરમિયાન હરિભક્તોને વિતરણ કરાવ્યું હતું. તેમજ દરેક કાંધાના હરિભક્તો યજમાન પદે રહીને ખૂબજ ધામધૂમથી ધનુર્માસ ઉત્સવની ઉજવણી કરી હતી.

તોમજ ધનુર્માસ દરમિયાન તા. ૧૧/૦૧/૨૦૧૫ ના શુભદિવસે શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચારેય કાંધાના હરિભક્તો તથા વિદ્યાસંકુલ સંસ્કારધામના બાળકોને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. જાદવજીભાઈ નાથા પિંડોરીયા સુત વિવેક તથા વ્યાસ આદિ પરિવારે યજમાન પદે રહીને શાકોત્સવનો લાભ લીધો. માંડવી મંદિરના મહંત સદ્. પુ.પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામી, તથા મંડળના વડીલ સદ્. સ્વામી મુકુન્દજીવનદાસજીએ ધૂનના દરેક યજમાનોને તથા શાકોત્સવના યજમાનને આશીર્વાદ આપ્યા હતા.

અહેવાલ :- સાધુ વિવેકમુનિદાસજી

## હિરાપર - ધનુર્માસ

શ્રી સ્વામિનારાયણ મંદિર મધ્યે ધનુર્માસની ઉજવણી હર્ષ ઉલ્લાસથી કરવામાં આવી. વહેલી પરોઢથી પ્રભાતિયા, કીર્તન, પદો, મંગળા આરતી, કથાની સાથે સંગીતના સથવારે ભગવાનના નામની મહામંત્રધૂન અનેક ઘણી સંખ્યામાં હરિભક્તો વૃધ્ધોથી લઈને નાના-નાના બાળકો પરોઢે વહેલી સવારે ધૂનમાં રસબસ થવા લ્હાવો લીધો હતો. શ્રી સ્વામિનારાયણ મંદિર બહેનોનું તેમાં સાં.યો. રતનબેનની પ્રેરણાથી સાં.યો. ભક્તિબેન, સરસ્વતિબેન સાથે કર્મયોગી બહેનો, બાલિકાઓ, પવિત્ર ધનુર્માસે ખૂબ હર્ષઉલ્લાષથી મંગળા, થાળ, પદો, કીર્તન સાથે ધૂનમાં સહુ સહભાગી થયા હતા. હરિભક્તોના અંતરની લાગણીથી નિત્ય પ્રસાદીના યજમાન બનવાનો લ્હાવો સૌએ માણ્યો હતો.

અહેવાલ :- કાનજીભાઈ સુથાર, હિરાપર

## શ્રી નરનારાયણ નગર ગાયોને ઘાસચારો

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજની આજ્ઞાથી મકરસક્રાંતિ નિમિત્તે ગાયો માટેના ઘાસચારા માટે ફંડ એકત્ર કરેલ. તેમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, નરનારાયણ નગરના તમામ યુવાનો ગામમાં સવારે વહેલા ગલીએ ગલી ફરી અને ઝોળી ફેરવી હતી અને ગાયોનો ઘાસચારો એકત્ર કરેલ હતો. તા. ૧૫-૧-૨૦૧૫ના મકર સંક્રાંતિના શુભ દિવસે ગાયોને ઘાસચારો સર્વે યુવાનો તથા મંદિરની કમિટિ દ્વારા નાખવામાં આવ્યો હતો.

અહેવાલ :- ધનજી માવજી ભુવા, નરનારાયણનગર

## ધનુર્માસ ધૂન - અંજાર

તા. ૧૭-૧૨-૧૪ બુધવાર થી તા. ૧૫-૧-૧૫ ગુરુવાર એક મહિના સુધી ધનુર્માસમાં શ્રી સ્વામિનારાયણ મંદિર અંજારના પટાંગણમાં "સ્વામિનારાયણ" મહામંત્રની ધૂન થયેલ. આ "સ્વામિનારાયણ" નામ સ્વયં ભગવાન ઘનશ્યામ મહારાજે ગામ ફણેણી મધ્યે સવંત ૧૮૫૮માં આપેલ જેને અત્યારે ૨૧૩ વર્ષ થાય છે. આ મહામંત્ર મહાપ્રતાપી અને સ્વયં ભગવાનનું વાઙ્ગમય સ્વરૂપ છે. એવા મહાપ્રતાપી ષડાક્ષરી નામનું સ્મરણ સ્વયં એકમાસ સુધી ધૂન કરવામાં આવી. જેમાં દરરોજ હજારો ભાઈ બહેનો મંદિરના પટાંગણમાં વહેલી સવારે આવીને ધૂનમાં મગ્ન થઈ જતાં.

એક માસ સુધી અનેક ગામોના ભક્તો ધૂનમાં યજમાન થઈને લાભ લીધો. આ ધૂનમાં ભુજથી વડીલ સંતો સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ્વામી દેવકૃષ્ણદાસજી, પાર્ષદ જાદવજી ભગત તેમજ વિદેશથી સંતો પધારીને દર્શનનો લાભ આપ્યો હતો. શ્રી હરિ તપોવન ગુરુકુળથી શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી, પૂ. સ્વામી ભક્તિવિહારીદાસજી તથા સ્વામી સત્યજીવનદાસજી પધાર્યા હતા.

ધૂનના કાર્યક્રમમાં ગવૈયા સ્વામી શ્રીજીનંદનદાસજી તથા સ્વામી વ્રજવિહારીદાસજી સંગીતના સૂરે અનેક રાગરાગીણીમાં ધૂન કરાવીને હરિભક્તોને આનંદ વિભોર કરી દીધા. જેમાં અનેક રાજકીય મહાનુભાવો ધૂનનો લાભ લઈને સ્વામિનારાયણ મંદિર દ્વારા ચાલતી અનેક પ્રવૃત્તિ વિદ્યાભ્યાસ, હોસ્પિટલ, ગુરુકુળ, ગાયોની સેવા તેમજ સમયાંતર થતી સમયોચિત સમાજ સેવાની પ્રવૃત્તિને બિરદાવી. ધૂનના સંચાલક તથા સભાપતિ શાસ્ત્રી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ કર્યું હતું.

સમગ્ર મહિના દરમ્યાનમાં પૂ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ્વામી અદ્‌ભુતચરણદાસજી, સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી આદિ સંતોના સાથ સહકારથી સંપન્ન થયો. આ ધનુર્માસની ધૂન દરમ્યાન દેશ-વિદેશના હરિભક્તોએ પણ પોતાનો સહયોગ આપ્યો હતો. અને માસિક ધૂનના યજમાન થયા હતા.

હેવાલ :- રમણીક. વી. સોલંકી, અંજાર

## શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર સંસ્થાનો સન્માન કાર્યક્રમ તેમજ વર્ગ શણગાર હરીફાઇ

શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર તેમજ સંકુલ અંતર્ગત તા. ૧૮-૧-૨૦૧૫નાં સરસ્વતી સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. વિદ્યાર્થિનીઓએ ભગવાનની પ્રાર્થના દ્વારા આ કાર્યક્રમની શરૂઆત કરી હતી. પ્રાર્થનાબાદ પધારેલા ટ્રસ્ટીશ્રીઓ, મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમના શ્રી ગણેશ કર્યા. તેમજ સરસ્વતી સન્માન કાર્યક્રમ અંતર્ગત રમત-ગમતમાં સિદ્ધિ મેળવેલ વિદ્યાર્થિનીઓ, વર્ષાન્તે શૈક્ષણિક સારો દેખાવ કરનાર વિદ્યાર્થિનીઓ ઉપરાંત જે વિશિષ્ટ પરીક્ષામાં પ્રથમ ક્રમાંક મેળવેલ વિદ્યાર્થિનીઓ તમામને ટ્રસ્ટીઓના વરદ્‌ હસ્તે પ્રતીક રૂપ ભેટ આપી તેમની સિદ્ધિને બિરદાવી હતી. જેમાં રમતગમત ક્ષેત્રે નેશનલ કક્ષાએ કુલ ૬ વિદ્યાર્થિનીઓ , રાજ્યમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનાર કુલ ૮૦ વિદ્યાર્થિનીઓ અને જિલ્લામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનાર કુલ ૨૧૧ વિદ્યાર્થિનીઓને સન્માનવામાં આવેલ હતી. આ સમગ્ર ઈનામના દાતાશ્રી ગોરસીયા એજ્યુકેશન સોસાયટી, વ્હાઈટ હાઉસના સ્વ. માવજી દેવરાજ ગોરસીયા પરિવાર હસ્તે ગોવિંદભાઈ, ગોપાલભાઈ હતા. શાળાની વિદ્યાર્થિનીઓએ રમત-ગમત ક્ષેત્રે સરકારશ્રી તરફથી કુલ ૧૧,૮૧,૦૦૦/- રૂપિયા મેળવેલ છે. જેમાં ખેલ મહાકુંભ અંતર્ગત ૭,૮૨,૬૦૦/- રૂપિયા મેળવ્યા છે. આ તમામને તેની સિદ્ધિ બદલ નવાજવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમની સાથે 'વર્ગખંડ શણગારની' હરીફાઈનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક વર્ગની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. દરેક વર્ગખંડ એક વિશિષ્ટ વિષયને સિદ્ધ કરતા કલાત્મક રીતે શણગાર્યો હતો.

અહેવાલ :- આચાર્યશ્રી

# વિદેશ સમાચાર



## દારેસલામમાં ઉજવાયો ૫૬મો વાર્ષિક પાટોત્સવ તેમજ સત્સંગ શિબિર

કચ્છી સ્વામિનારાયણ સત્સંગી દેશ-વિદેશમાં પોતાનું નસીબ અજમાવવામાં માહિર છે. અનેક મહત્ત્વાકાંક્ષી યુવાનો પોતાની સપનાની પાંખો પર સવાર થઈ આશરે સાડા પાંચ દાયકા પહેલા ઈસ્ટ આફ્રિકાના ટાંઝાનિયા દેશના દારેસલામ શહેરમાં સ્થાયી થયેલ. આશાવાન યુવાનોએ બંધાવેલ શ્રી સ્વામિનારાયણ મંદિર આજ વટવૃક્ષ બની અર્થોપાર્જન માટે આવેલ આવતા જ્ઞાતિ ભાઈઓ માટે શીતળ છાયાની ગરજ સારે છે.

શહેરની મધ્યમાં મોરોગોરો રોડ પર સ્થિત આ મંદિરના તા. ૧-૧-૨૦૧૫ના રોજ ૫૬માં પાટોત્સવની ખૂબ જ ભક્તિભાવ સાથે ઉજવણી કરવામાં આવેલ. ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરથી સ્વામી ભક્તિપ્રિયદાસજી, સ્વામી દેવસ્વરૂપદાસજી, સ્વામી કૃષ્ણવિહારીદાસજી, સ્વામી શ્રીરંગદાસજી, સ્વામી હરિસ્વરૂપદાસજી તથા સ્વામી ઘનશ્યામનંદનદાસજી પ્રસંગને પાવન કરવા પધારેલ. દર વર્ષની જેમ આ વર્ષે પણ પંચ દિવસીય પારાયણ રાખવામાં આવેલ. બ્રહ્મનિષ્ઠ સંતો વ્યાસાસને બિરાજી નિષ્કુળાનંદ સ્વામી રચિત ચિંતામણી તુલ્ય હરિસ્મૃતિ ગ્રંથનું કથામૃત પીરસી રસપાન કરાવેલ. શ્રી ઘનશ્યામ બાળમંડળના હોંસિલા બાળકો બાલિકાઓ તેમજ શ્રી સ્વામિનારાયણ યુવક મંડળના ખંતિલા યુવકો-યુવતીઓ તથા રણમાં મૃગજળ સમાન દાતાઓના ત્રિવેણી સંગમમાં સંતોના આશીર્વાદનું નવલું નજરાણું ઉમેરાતા પ્રસંગનો આનંદ અદકેરો અનેરો આનંદ થયો.

તા. ૨૭-૧૨-૨૦૧૪ના સાંજે ૭:૦૦ થી ૮:૦૦ સ્વાગત સભા અને ઠાકરથાળીનું ભવ્ય આયોજન કરવામાં આવેલ. શ્રી ઘનશ્યામ બાળમંડળ દ્વારા શ્રદ્ધેય સંતોના સ્વાગત બાદ રાસોત્સવનું આયોજન કરવામાં આવેલ. તા. ૨૮-૧૨-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધી દરરોજ સવારે ૬:૩૦ થી ૭:૩૦ અને સાંજે ૭:૦૦ થી ૮:૦૦ દરમ્યાન પરમ પૂજ્ય સંતો દ્વારા કથામૃતનું ભાથું પીરસવામાં આવેલ. જેમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણારવિંદના ચિહ્નો તેમજ બોડી પાર્ટસ વિશેનું વિશેષજ્ઞાન આપવામાં આવેલ. તા. ૨૮-૧૨-૨૦૧૪ના રાત્રે શાકોત્સવનું આયોજન કરવામાં આવેલ. જેમાં પૂજ્ય સંતોના વરદ્ હસ્તે શાકનો વઘાર આપવામાં આવેલ. તા. ૩૦-૧૨-૨૦૧૪ના રોજ સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ. શ્રી ઘનશ્યામ બાળ મંડળના બાળકો તેમજ પૂજ્ય સંતો ભજન કીર્તન રજૂ કરી ભક્ત શ્રોતાઓને ભક્તિભાવમાં તરબતર કર્યા. તા. ૩૧-૧૨-૨૦૧૪ના સાંજે ૮:૩૦ થી શ્રી ઘનશ્યામ બાળમંડળ તથા શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ દ્વારા સંત સમાગમનું આયોજન કરવામાં આવેલ. જેમાં સંતો દ્વારા ભક્તિરસ પીરસવામાં આવેલ.

તા. ૧-૧-૨૦૧૫ના સવારે ૬:૩૦ થી પાટોત્સવનો કાર્યક્રમ શરૂ થયેલ. જેમાં મહા અભિષેક, ધ્વજ પૂજન તેમજ મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ. પંચામૃત તથા વિવિધ ફળોના રસ દ્વારા ઠાકોરજીનો અભિષેક કરવામાં આવેલ. ત્યારબાદ

મહાપ્રસાદ પીરસવામાં આવેલ. આયોજનમાં શ્રી ઘનશ્યામ બાળમંડળ તથા શ્રી સ્વામિનારાયણ યુવક મંડળના બાળકો, બાલિકાઓ, યુવાનો-યુવતીઓના સહયોગ અવિસ્મરણીય રહ્યો.

પાટોત્સવના કાર્યક્રમ અંતર્ગત શ્રી ઘનશ્યામ બાળમંડળ તેમજ શ્રી સ્વામિનારાયણ યુવક મંડળના નેજા હેઠળ સત્સંગ શિબિરનું આયોજન કરવામાં આવેલ. જેમાં "મારું મંદિર એ મારું ઘર" વિષય રાખવામાં આવેલ. તા. ૩-૧-૨૦૧૫ શનિવાર સવારે ૮:૦૦ના ટકોરે પૂજ્ય સંતો દ્વારા શિબિરનો શુભારંભ કરવામાં આવેલ. બાળકોમાં સંસ્કારોનું સિંચન કરવા હેતુ તેમને વિવેક, સભ્યતા, શિસ્તતા અને સ્વચ્છતાના પાઠ શિખવવામાં આવેલ.

નાન-મોટા સાથે કેવી રીતે વર્તવું વ્યવહારમાં અને વર્તનમાં શિસ્ત-વિવેકનું મહત્ત્વ બાળકોને સમજાવવામાં આવેલ. સંપૂર્ણ ભારત સ્વચ્છતા અભિયાનમાં જોડાયેલ છે ત્યારે વિદેશ વસતા ભારતીયો પણ આ અભિયાનમાં પોતાનો સહયોગ આપેલ. દારેસલામના બાળકો બાલિકાઓને સ્વચ્છતાનું વિશેષ મહત્ત્વ સમજાવવામાં આવ્યું.

તા. ૪-૧-૨૦૧૫ના રોજ વોટર વર્લ્ડ ખાતે શિબિરનું આયોજન કરવામાં આવેલ. સવારના ૧૦:૦૦ થી ૧૨:૦૦ વાગ્યા સુધી કથા પારાયણ બાદ મહાપ્રસાદ તેમજ સમૂહ સ્નાનનું આયોજન કરવામાં આવેલ. ત્યારબાદ વિવિધ રમતો દ્વારા જ્ઞાન સાથે ગમ્મત કરી શિબિરનું સમાપન કરવામાં આવેલ.

પાટોત્સવ તેમજ સત્સંગ શિબિરના કાર્યક્રમમાં દાતાશ્રીઓએ યથાયોગ્ય દાન આપી પ્રસંગને સુવિધાસભર બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવેલ.

અહેવાલ :- મંત્રીશ્રી વિનોદભાઈ પિંડોરીયા,
દારેસલામ

## અઢારમો વાર્ષિક પાટોત્સવ : કેન્ટન હેરો

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરોનો અઢારમો વાર્ષિક પાટોત્સવ તા. ૨૬-૧૨-૨૦૧૪ થી તા. ૧-૧-૨૦૧૫ સુધી અતિ ધામધૂમથી ઉજવવામાં આવેલ. જેમાં યજમાનપદે ગામ રામપરના પ.ભ. મનજીભાઈ કરસન કેરાઈ ધ.પ. કુંવરબાઈ, પુત્રશ્રી કાનજીભાઈ મનજી કેરાઈ ધ.પ. લાલબાઈ, પુત્ર દિપેશ કાનજી કેરાઈ ધ.પ. બંસી દિપેશ કેરાઈ સુપુત્રી સંગીતા વીરલ રાબડીયા જમાઈ વીરલ હરીશ રાબડીયા, દોહિત્ર વીરાટ વીરલ રાબડીયા રહ્યા હતા. અ.નિ. સ.ગુ. સ્વામી ધનશ્યામજીવનદાસજી સ્વામીના મંડળમાં પુ. સ્વામી વિશ્વવલ્લભદાસજી તથા પુ. સ્વામી શાન્તિપ્રિયદાસજી સંત મંડળ સહિત પધાર્યા હતા. અને પૂજ્ય સ્વામી કેશવપ્રિયદાસજી તથા સ્વામી દેવનંદનદાસજી વક્તાપદે રહી સુમધુર શૈલીમાં સંગીતના સથવારે શ્રી ઘનશ્યામ લીલામૃત સાગરની કથાનું રસપાન કરાવેલ.

તા. ૨૬-૧૨-૨૦૧૪ના સાંજે શિક્ષણ કેન્દ્ર બિલ્ડીંગનો નવો ઘનશ્યામ હોલ બનાવેલ તેની ઉછવણી કરવામાં આવેલ. ઊંચો આંક આપીને ગામ ફોટડીના પ.ભ. કેશવજીભાઈ ભુડીયા તથા ધ.પ. રમાબેન સુપુત્રો કિશનભાઈ તથા ભાવેશભાઈએ લાભ લીધેલ. ત્યારબાદ યુવક મંડળની યુવતીઓ તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ. અને સાંજે મહાપ્રસાદના યજમાન પદે ગામ બળદીયાના અ.નિ. કરસનભાઈ કુંવરજી તથા અ.નિ. પુરબાઈ કરસન રાઘવાણી હ. નારણભાઈ કરસન રાઘવાણી ધ.પ. મેગબાઈ સુપુત્ર ભુપેન્દ્ર તથા શીવજીભાઈ સહપરિવાર રહેલા. તેવી જ રીતે આજ રોજ સવારના શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર સંસ્થાની સ્થાપના થઈ તેને આવતા વર્ષે (તા. ૨૬-૧૨-૧૫ થી

તા. ૧-૧-૨૦૧૬ સુધી) ૫૦ વર્ષ થાય છે આ પ્રસંગે ભવ્યાતિ ભવ્ય ઉત્સવ ઉજવવાનો છે. તેમાં ઉત્સવનું શુભ નિર્માણ કરવામાં આવેલ તેમાં ઉત્સવનો લોગોનું વિમોચન કરવામાં આવેલ તથા ઉત્સવ પ્રસંગે પુરુષોત્તમ પ્રકાશ તથા જાપમાળા તથા મંત્ર લેખનના નિયમો લેવાનું પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તથા પૂજ્ય મહંત સ્વામીના આશીર્વાદથી જાહેર કરવામાં આવેલ. શ્રી ઘનશ્યામ મહારાજનાં સુંદર વાઘા ગામ રામપરના પ.ભ. ચંદ્રકાન્તભાઈ કલ્યાણ કેરાઈ ધ.પ. નિતાબેન તથા સુપુત્ર મિહિર તરફથી ભેટ અર્પણ કરવામાં આવેલ.

શનિવાર તા. ૨૭-૧૨-૨૦૧૪ના સવારની કથા બાદ શ્રી ઘનશ્યામ હોલનું ઉદ્‌ઘાટન ગામ ફોટડીના પ.ભ. કેશવજીભાઈ ભુડીયા સહપરિવારે સંતોની સાથે રહી અને કરવામાં આવેલ. ત્યારબાદ ઘનશ્યામ નરસરીના બાળકો તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ. આજના વાઘા ગામ રામપરના પ.ભ. વિપેશ કલ્યાણ કેરાઈ ધ.પ. વંદનાબેન તરફથી શ્રી ઘનશ્યામ મહારાજને ભેટ કરવામાં આવેલ. બપોર અને સાંજે મહાપ્રસાદના યજમાનપદે ગામ બળદીયાના અ.નિ. વાલબાઈ માવજી વરસાણી હ. કરસનભાઈ માવજી વરસાણી તથા ગામ માધાપરના પ.ભ. અરજણભાઈ વિશ્રામ મેપાણી તથા ગં.સ્વ. જશુબેન અરજણ મેપાણી તથા સુપુત્ર પ્રવિણ, સુપુત્રી નીતા તથા સુપુત્રી પૂજાના શુભ વર્ષગાંઠ પ્રસંગે રહેલ.

ગામ સામત્રાના પ.ભ. ભરતભાઈ મોહનલાલ ગામી, કેસરબાઈ તથા દીપ્તી તથા અનિતા તરફથી શ્રી ઘનશ્યામ મહારાજને ભેટ અર્પણ કરવામાં આવેલ. સાંજે યુવકો તરફથી ભક્તિ સંગીતનો કાર્યક્રમ યોજવામાં આવેલ. રવિવાર તા. ૨૮-૧૨-૨૦૧૪ના શ્રી ઘનશ્યામ મહારાજના વાઘા ગામ રામપરના પ.ભ. મનજીભાઈ કરસન કેરાઈ તથા ધ.પ. કુંવરબાઈ મનજી કેરાઈ તેમજ સાંજે મહાપ્રસાદના યજમાન પદે રહેલ. અને યુવકો તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ.

સોમવાર તા. ૨૯-૧૨-૨૦૧૪ના શ્રી ઘનશ્યામ મહારાજના સુશોભિત વાઘા ગામ રામપરના પ.ભ. કલ્યાણભાઈ મનજી કેરાઈ ધ.પ. તેજબાઈ સુપુત્રી પ્રિયા રૂપેશ ચોથાણી તથા જમાઈ રૂપેશ દિનેશ ચોથાણી તરફથી ભેટ કરવામાં આવેલ. મંગળવાર તા. ૩૦-૧૨-૨૦૧૪ના શ્રી ઘનશ્યામ મહારાજના વાઘા ગામ કોડકીના પ.ભ. ધનજીભાઈ રામજી વરસાણી તથા ધ.પ. ધનબાઈ સુપુત્ર રવી તથા પુત્રવધુ અંજના તથા સુપુત્રી જયના તરફથી ભેટ.

બુધવાર તા. ૩૧-૧૨-૨૦૧૪ આજના શ્રી ઘનશ્યામ મહારાજના વાઘા ગામ રામપરના દિપેશ કાનજી કેરાઈ તથા ધ.પ. બંસીબેન તથા ગામ સરલીના વીરલ હરીશ રાબડીયા તથા ધ.પ. સંગીતાબેન તથા સુપુત્ર વિરાટ રહ્યા હતા.

આ પ્રસંગે ધ્વજ રોપણની ઉછવણી કરવામાં આવેલ. શ્રી ઘનશ્યામ મહારાજના સિંહાસનનો ઊંચો આંક આપી ગામ રામપરના પ.ભ. કાનજી મનજી કેરાઈ ધ.પ. લાલબાઈ, દિપેશ કાનજી કેરાઈ ધ.પ. બંસી, વીરલ હરીશ રાબડીયા ધ.પ. સંગીતા સુપુત્ર વિરાટ લાભ લીધેલ હતો. ભાઈઓના સિંહાસનના ગામ રામપરના પ.ભ. કુંવજીભાઈ દેવજી અંબાણી ધ.પ. કેસરબાઈ સુપુત્ર ભાવેશ ધ.પ. સંગીતા સહપરિવારે ઊંચો આંક આપી લાભી લીધેલ હતો.

બહેનોના સિંહાસન ગામ રામપરના પ.ભ. માવજીભાઈ જાદવા કેરાઈ ધ.પ. વેલબાઈ સુપુત્ર સુરેશ ધ.પ. શાન્તાબેન સુપુત્ર લક્ષ્મણ સહપરિવારે ઊંચો આંક આપી લાભ લીધેલ હતો.

ગુરુવાર તા. ૧-૧-૨૦૧૫ના શુભ એકાદશીના પવિત્ર દિવસે વહેલી સવારે પૂજારીશ્રી દિનેશ મહારાજે વેદોક્ત મંત્રથી સંતોના વરદ્ હસ્તે

શ્રી ઘનશ્યામ મહારાજના અભિષેક કરાવેલ. જેમાં હજારોની સંખ્યામાં હરિભક્તોએ દર્શનનો લાભ લીધેલ. અભિષેક પૂર્ણ થયા બાદ પાંચે સિંહાસનમાં અન્નકૂટ ગોઠવવામાં આવેલ અને કથાની શુભ શરૂઆત કરવામાં આવેલ. પૂજ્ય વક્તાશ્રીએ સરળ રીતે કથાનું શ્રવણ કરાવેલ. ત્યારબાદ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તથા પૂજ્ય મહંત સ્વામીના આશીર્વાદનું શ્રવણ કરેલ. મંદિરના પ્રમુખશ્રી વિશ્રામભાઈ વાગજી માયાણીએ તમામ હરિભક્તો જેને ઉત્સવમાં તેમજ વર્ષ દરમ્યાન સેવા કરેલ તેમનો હાર્દિક આભાર વ્યક્ત કરેલ. પૂજ્ય સ્વામી વિશ્વવલ્લભદાસજી તેમજ સ્વામી શાન્તિપ્રિયદાસજીએ તેમના આશીર્વાદમાં હરિભક્તોની આગામી ઉત્સવમાં સેવા કરવાની ભલામણ કરેલ. ત્યારબાદ મહેમાનોનું સન્માન કરવામાં આવેલ અને યજમાનશ્રીને પહેરામણી અર્પણ કરવામાં આવેલ. દરરોજ બેન્ડ અને લેઝીમના બાળકોએ તેમનો સુર આપી અને કીર્તન અને ધૂનનો લાભ લીધેલ. યુવાન હરિભક્તોએ મંદિરને અતિ સુંદર રીતે શણગારેલ હતું. ધ્વજરોપણનો કાર્ય હાથ ધરવામાં આવેલ જેમાં જે પરિવારે ઊંચો આંક આપેલ તેમના પરિવાર તરફથી ધ્વજ રોપણ કરવામાં આવેલ. ત્યારબાદ ઠાકોરજીને થાળ ધરવામાં આવેલ અને છેલ્લે આરતી ઉતારવામાં આવેલ અને શુભ એકાદશીના દિવસે સર્વ ભક્તોને ફલઆહાર પ્રસાદ પિરસવામાં આવેલ. આ ઉત્સવમાં આજે લલભગ ત્રણ થી ચાર હજાર હરિભક્તો દર્શનાર્થે પધારેલ અને આનંદ માણ્યો હતો.

આ ઉત્સવમાં ભક્તોએ ઉદારતા પૂર્વક સેવા કરેલ તે નીચે મુજબ છે.

- પારાયણના યજમાનશ્રી તરફથી શ્રીહરિકૃષ્ણ મહારાજને ભેટ. ભુજ શ્રી નરનારાયણદેવને ભેટ. પાટોત્સવના દિવસે તા. ૧-૧-૨૦૧૫ના શ્રી ઘનશ્યામ મહારાજના વાઘા તથા નંગ જડેલ મુગટ કાનજીભાઈ મનજી કેરાઈ ધ.પ. લાલબાઈ કાનજી કેરાઈ તરફતી ભેટ.

- ગામ રામપરના મનજીભાઈ કરસન કેરાઈ તથા કુંવરબાઈ મનજી કેરાઈ તરફથી શ્રી ઘનશ્યામ મહારાજને એક સોનાનો હાર ભેટ અર્પણ કરેલ.

- ગામ રામપરના કુંવરબાઈ મનજી કેરાઈ તરફથી ભુજ શ્રી નરનારાયણદેવને ભેટ અર્પણ કરેલ.

- ગામ સામત્રાના પ.ભ. ભીમજીભાઈ કુંવરજી વરસાણી તરફથી શ્રી ઘનશ્યામ મહારાજને એક સોનાનું તિલક ભેટ.

- ગામ સુખપર રોહા પ.ભ. અ.નિ. કરસનભાઈ વાઘજી વરસાણી તથા અ.નિ. અમરબાઈ કરસન વરસાણી હસ્તે રસીલા વાલજી, વિશ્વતા વાલજી વરસાણી તરફતી શ્રી ઘનશ્યામ મહારાજને ભેટ.

- ગામ બળદીયાના સ્પીડવેલ ઓટોસ પ.ભ. રત્નાભાઈ દેવરાજ રાઘવાણી તરફથી અભિષેકના દૂધની સેવા.

- ગામ બળદીયાના પ.ભ. માવજીભાઈ ધનજી વેકરીયા તરફથી દૂધ અને મસાલાની સેવા.

- **Kingsbury Fruit & Vegetables** હીરજીભાઈ વાલજી હીરાણી તરફથી તમામ શાક, પાન, ફળ-ફૂલની સેવા

- **Fraser Chartered Accountants** પ.ભ. ગોવિંદભાઈ રાઘવાણી, પ.ભ. ધર્મેન્દ્રભાઈ દેવજી જેસાણી તરફથી શ્રી ઘનશ્યામ મહારાજને ભેટ.

- પ.ભ. આર્યનભાઈ આશીષ હાલાઈ તથા અનુકક્ષા આશીષ હાલાઈ તરફથી નાળીયેર પાણીની સેવા.

આ પ્રમાણે અતિ ધામધૂમથી ઉત્સવ ઉજવવામાં આવેલ.

અહેવાલ :- પ્રમુખશ્રી - વિશ્રામભાઈ વાઘજી માયાણી

મંત્રીશ્રી - કાનજી મનજી કેરાઈ

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૫૦૦૦/- | રામજી કેશરા વરસાણી | સામત્રા | કથા પારાયણ નિમિત્તે ભેટ |
| ૫૦૧/- | રમેશ કાનજી વેકરીયા | બળદીયા હાલે મોમ્બાસા | અક્ષરધામ એપાર્ટમેન્ટ મોમ્બાસામાં નવું મકાન લીધું તે નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | ક્રિશ શાન્તિલાલ હરજી ભંડેરી | વેકરા | અ.નિ. પૂ. સ્વામી હરિજીવનદાસજીની પુણ્યસ્મૃતિમાં |
| ૫૦૦/- | શ્રીહરિ ફાર્મ (કોમલ) | નારણપર હા. એલ્ડોરેટ-કેન્યા | પાકનું સારું ઉત્પાદન થતાં ભેટ |
| ૧૫૦/- | સ્નેહા દેવજી સામજી હિરાણી | માધાપર | સ્નેહાના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૫૦/- | રમેશભાઈ જમનાદાસ તન્ના | મુંબઈ | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | વસંત વિનોદભાઈ હિરાણી | માનકુવા | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૫૫૫/- | નિતીન પ્રવિણ રામજી વેકરીયા માતા નિર્મળાબેન | કેરા હાલે કેનિયા | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | નારણ કેશરા વેકરીઆ | ડોણ માંડવી | સુપુત્ર વિજેન્દ્ર તેમજ સુપૌત્રી પ્રીતિકાના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | કેશરા ધનજી વેરકરીયા સુ.નારાણ દિનેશ, પૌ. દિપીકા | ડોણ માંડવી હાવુલ્વીચ લંડન | સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી અને સ.ગુ. સનાતન સ્વામીની પ્રસન્નતાર્થે પૌત્રી દિપીકાના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | કેશરા ધનજી વેકરીયા, નારાણ કેશરા વેકરીયા | ડોણ માંડવી હા. વુલ્વીચ લંડન | સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજીની પ્રેરણાથી ચિ. વિજેન્દ્રના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | દિવ્ય વાલજી ભુડીયા | સુરજપર | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૧૧/- | ગોવિંદ કરસન વરસાણી ધ.પ. સવિતાબેન | માધાપર | ધનુર્માસ નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | વાલજીભાઈ માવજી હાલાઈ | પીયાવા માંડવી હાલે નૈરોબી | હસ્તીબેન વિપુલ હાલાઈના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | વાલજીભાઈ માવજી હાલાઈ | પીયાવા માંડવી હાલે નૈરોબી | પ્રિપલબેન હિતેશ હાલાઈના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૫૦૧/- | વિનોદ રૂડા હાલાઈ | સુરજપર હાલે કેન્યા | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૦૧/- | અંજુ પ્રેમજી મેપાણી | સુરજપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૦૧/- | હિતેશ હિરજી હિરાણી | સુરજપર | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | સુરેશ કાનજી મેપાણી | બળદીયા ઉ.વા. | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૫૧/- | પ્રેમીલાબેન સુરેશ મેપાણી | બળદીયા ઉ.વા. | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | કાર્તિક વિજયભાઈ પટેલ | ઈન્દોર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | ધનજી સામજી વરસાણી | કોડકી | નવી બાઈક ખરીદી તે નિમિત્તે ભેટ |
| ૫૦૧/- | વિકાસ પ્રેમજી વેકરીયા | બળદીયા ની.વા. | ધનુર્માસ નિમિત્તે ભેટ |
| ૫૦૧/- | દૃષ્ટિ પ્રેમજી વેકરીયા | બળદીયા ની.વા. | ધનુર્માસ નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | અવનીબેન અમૃતલાલ નારાણભાઈ પોકાર | નડિયાદ | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | દયાનીબેન અશ્વીનભાઈ નારાણભાઈ પોકાર | નડિયાદ | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | લાલજી ખીમજી ગામી તથા ધ.પ. રામબાઈ લાલજી ગામી | કેરા | બંનેને ૭૦ વર્ષ પૂર્ણ થતાં ભેટ |
| ૫૦૦/- | શાન્તાબેન ધનજી વેકરીયા | બળદીયા હાલે શીસલ્સ | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૫૧/- | ધીરજ પ્રેમજી તેજા વેકરીયા | બળદીયા હાલે શીસલ્સ | લગ્ન નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | હરિશ નારણ ગાંગજી હાલાઈ | માધાપર | સુપુત્ર ચિ. મીત તથા સુપુત્રી ચિ. મૈત્રીના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | દિપકભાઈ એચ. પરમાર | માળીયા મિયાણા | હનીબેનના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૫/- | શિવમ્ રાજેશભાઈ હાલાઈ | સુખપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૫૦/- | હિતેશ વિનોદભાઈ દાવડા | રાપર | ચિ. પાર્વતીના જન્મદિવસ તથા તેજેન્દ્રભાઈ દાવડાના જન્મ નિમિત્તે ભેટ |
| ૧૧૧/- | શિવજી ધનજી માસ્તર | માધાપર હાલે નૈરોબી | પૌત્રી ચિ.અક્ષી મનોજ પિંડોરીયાના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૧૧/- | શિવજી ધનજી માસ્તર | માધાપર હાલે કાર્ડિફ | બહેન સામબાઈ વિશ્રામ ગામી હાલે કાર્ડિફના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૦૦/- | કિશોર ખીમજી રાબડીયા | સરલી હાલે કંપાલા | લગ્ન નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | શિવજી ભચુ ભુવા | કેરા હાલે લંડન | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | નિશાબેન ઘનશ્યામભાઈ પિંડોરીયા | માધાપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | શિવજી વાલજી જેસાણી | બળદીયા હાલે નૈરોબી | સુપુત્ર પરેશભાઈને ન્યુઝીલેન્ડના વીઝા મળ્યા તે નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | શિલ્પા પ્રેમજીભાઈ હાલાઈ | મેઘપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | શ્રી નરનારાયણદેવ કન્સ્ટ્રક્શન કું. | કોડકી | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | નારાણભાઈ વેલજી કેરાઈ | નારાણપર ની.વા. | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | ઉર્મિલાબેન મુળજી વાવિયા | દુધઈ | જન્મદિવસ નિમિત્તે, ચારધામ યાત્રા કરવા જવાનું થતાં ભેટ |































(૧) વસંત પંચમીના દિવસે શિક્ષાપત્રીનું પૂજન કરતા સંત હરિભક્તો-ભુજ. (૨) ભુજ મંદિરના પાર્ષદને ભાગવતીદીક્ષા આપી આચાર્ય મહારાજશ્રીએ નવા સંતનું નામ સ્વામી રાઘવમુનિદાસજી રાખ્યું છે-ભુજ. (૩) સુખપર નરનારાયણ નગરના ભક્તો દ્વારા ગાયોને ઘાસ નિરણ. (૪) બળદિયા નવા મંદિરનું ખાતમુહૂર્ત કરતા આચાર્ય મહારાજશ્રી સાથે સંતો તથા યજમાનશ્રી નારણભાઈ મનજી આદિ પરિવારજનો. (૫-૬) માંડવી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અક્ષરભુવનનું ખાત મૂહુર્ત કરતા સંતો, તથા સાંખ્યયોગી બહેનો. (૭) માંડવી શ્રી સ્વા. મંદિરમાં મંત્રયજ્ઞ મહોત્સવ ઉજવાયો. (૮) માંડવી શ્રી સ્વા. મંદિરમાં શાકોત્સવ. (૯-૧૦) શ્રી ઘનશ્યામ એકેડેમીમાં વાર્ષિક દિવસ ઉજવાયો.

RNI NO. GUJGUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Regd. No. GKCH-158/2015-2017
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE WPP Lic No. G-PMG-RJT/001/UPTO 31-12-2015




ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભાગવત પંચાહ્ન પારાયણના યજમાનશ્રીઓ,
ધનુર્માસની ધૂન તથા શાકોત્સવ તથા ગરીબોને ધાબડાનું દાન આપતા ભુજ મંદિરના સંતો